## પ્રકરણ - ૧
## ઈ.મહદી (અ.સ.)

ઈ.મહદી (અ.સ.) આપણા અગીયારમા ઈ.હસન અસ્કરી (અ.સ.) નાં પુત્ર અને આપની માતાનું નામ નરજીસખાતુન (અ.ર.) કે જેઓ હ.ઈસાના વસી શમઉન (અ.) ની ઔલાદ માંથી હતા.

ઈ.મહદી (અ.સ.) નો જન્મ ૧૫ શાબાન હિ.સ.૨૫૫ નાં રોજ થયો હતો.

રસુલ (સ.અ.વ) મહદી (અ.) મારા ફરઝંદો માંથી છે. તેનું નામ માટુ નામ છે. તેમની કુન્નીયત મારી કુન્નીયત છે.

ઈ.મહદી (અ.) ની વાતચીત રીતભાત રસુલ (સ.અ.વ) જેથી છે. આપનો ચેહરો હ.ઈસા પયગમ્બર (અ.) જેવો છે. (ઈ.ગાએબ અ.પેજ નં ૫ થી ૮ )

## પ્રકરણ - ૨
## ઈ.મહદી (અ.સ.)નાં બાળપણ નાં પ્રસંગો

કામલબીન ઈબ્રાહીમ થી ઈમામ અ.ની મુલાકાત આલીમે દીન કામીલ બીન ઈબ્રાહીમ લખે છે. કે હું એક વખત ઈ.હસન અસ્કરી (અ.સ) ની મુલાકાત કરવા સામરરા શહેરમાં તેમના ઘરે ગયે અને એક દરવાજા પાસે બેસી ગયો. તે દરવાજા પર એક પડદો લટકતો હતો. એટલામાં હવાનાં એંક ઝાપટાથી પરદો જરા ઉંચો થયો. અને મે નવયુવાન, ખુબસુરત બાળકને જોયા અને તેમની વય લગભગ ચાર વર્ષની હતી મારી અજાયબી વચ્ચે તેમણે મારૂનામ લઈ મને બુમ પાડી કે ઓ કામીલા દઆ
વખતે મારા રૂવેરૂવાં ઉભા થઈ ગયા. એટલે મે તરત જ જવાબ આપ્યો કે લબ્બૈક મારા મૌલા તે પછી તેમણે મારા બધા સવલોનાં જવાબ આપ્યા છતાં હું બેઠો રહયો. તેથી ઈ.હસન અસ્કરી (અ.સ.) એ મને પૂછ્યું કે તમે શા માટે બેઠો છો. તમારી હાજત પુરી થઈ છે. તેથી હું તરત જ ચાલતો થયો. (ઈ.ગાએબ અ.પેજ.નં.૯)

## પ્રકરણ- ૨

એહમદબીન ઈસ્હાક સાથે મુલાકત એક વખત એહમદબીન ઈસ્હાક ઈ.હસન અસ્કરી (અ.સ.) પાસે આવ્યા તેઓ જાણવા ઈચ્છતા હતા કે આપના વસી કોણ છે. પરંતુ તેઓ પૂછે તે પહેલા જ ઈ.હસન અસ્કરી (અ.સ.) ફરમાવ્યું કે એ એહમદા જયારે ખુદાએ આ જમીનને પૈદા કરી ત્યારે હ.આદમ (અ.) ને હુજજત અન રહેનુમા (હાદી) બનાવી ને મોકલ્યા. વબી આ જમીન કોઈ દિવસ હુજજતે ખુદાથી ખાલી નથી રહી. ખુદા પોતાની હુજજતને કયામત સુધી રાખશે. તેના જ વસીલાથી મુસીબતો દુર થાય છે વરસાદ વરસે છે જમીનો બરકત આપે છે પછી એહમદ પુછે છે. યા ઈમામ તમારા પછી કોણ ઈમામ? એવામાં ઈમામ અ.
ઘરમાં અંદર ગયા અને ત્રણ વર્ષનાં બાળકને તેડીને લાવ્યા જેમનો ચહેરો પુનમનાં ચાંદ જેવો ચળકતો હતો. પછી ફરમાવ્યું આ મારો પુત્ર મારા પછી ઈમામ થશે. તેનું નામ કુન્નયત રસુલ નાં નામ કુન્નીયત પ્રમાણે છે. અને તે જમીન ઉપર ઈન્સાફ સમૃધ્ધિ ફેલાવશે અને ઝુલ્મો ફરસાદને દુર કરશે, અને મારા પુત્રનો દાખલો મારી ઉમ્મતમાં જ.ખીઝર અને ઝુલ્કરનયન જેવો છે. ખુદાની કરીમ તેમની ગયબતનાં સમયમાં ઘણી ખરાબીઓ પૈદા થશે. ઘણા લોકો બેદીન જશે. પણ જેને ખુદા બચાવશે તેજ બચી શકશે અને તેજ લોકો ઈમામ પર ભરોસો અને ઈમાન ટકાવી રાખશે અને તેજ લોકોએ ખુદા તેમનો ઝુહુર જલ્દી કરે તેવી દુઆ માંગવી જોઈએ ત્યારે એહમદ કહે છે કે મે પૂછર્યુ કે "યા ઈમામ" શું કોઈ એવી નિશાની છે કે જેથી મારી આશા ઈમાન મકકમ બને? તે વખતે તે બાળકે (ઈ.મહદી અ.સ.) શીરીન અરબીમાં જવાબ આપ્યો અય એહમદ તમને હક વસ્તુ મળી છે.પછી તેની અસરને શા માટે પુછો છો? જયારે તમને વૃક્ષ મળી ગયું છે. તો પછી પડછાયા પાછળ શા માટે દોડો છો? જે કોઈ છે તે હુ જ ઝમીન ઉપર બકીયતુલ્લાહ છું હું જ દુશ્મનાને ખુદાને નાબુદ કરીશ એહમદ કહે છે કે એ જવાબ થી હું ખુશ થયો અને ઘરે પાછો ચાલ્યો ગયો.

બીજે દિવસે પાછો હું ઈમામ (અ.) ની ખિદમત માં ગયો અને પુછયું કે "યા ઈમામ આપે કાલેજે ખીઝર અને ઝુલ્કરનૈન વાત કીધી તે હું નથી સમજયો" ઈમામ હસન અસ્કરી (અ.) એ જવાબ આપ્યો કે તેમની (ઈ.મહદી અ.ની) લાંબી ગયબતનાં કારણે તેનો દાખલો ખીઝર અને ઝુલ્કરનૈન નાં જેવો છે. મે પૂછયું કે શું તેમની ગયબત લાંબી થશે,આ અ. એ જવાબ આપ્યો. હા,ખુદાની કસમ તેમની ગયબત ઘણી લાંબી થશે અને ઘણા લોકો બેદીન થઈ જશે. પણ ખાસ શીખાઓનાં દીલમાં ઈમાન બાકી રહશે. (ઈ.ગાએબ અ.સ. પેજ.૯ થી ૧૧)

### ૩.સઆદ અને એહમદબીન ઈસ્હાક થી મુલાકાત

સઆદ બીન અબ્દુલ્લા અહમદબીન ઈસ્હાક એ લોકામાંથી છે કે જેમણે ઈ.મહદી અ.ની મુલાકાત ઈ.હસન અસ્કરી અ.ના ઝમાના નો કરી હતી

એક વખત તેઓ બંને કુમ શહેરથી ઇ.હસન અસ્કરી અ.ની મુલાકાત કરવા નીકળ્યા અને સામરરા શહર માં ઇમામ અ. નાં ઘરે પહોંચ્યા. તેઓ એ જોયુ કે અ.સ. એક બેઠક પર બેઠો છે. અને તેમની જેમણી બાજુ આપના ફરઝંદ ઇ.મહદી અ.બેઠા છે. પછી, તેઓ બંને એ એક લાંબો કાગળ જેમાં શીઆઓ નાં સવાલો હતા તે અને બીજા હદીયા તથા તોહફા ઇમામ અ.સ. એ ઇ. મહદી અ.ને કહયુ કે આ હદીયા અને તોહફા આપણા દોસ્તાએ મોકલ્યા છે. જવાબમાં ઇ.મહદી અ. એ કહયુકે આ માલ આપણા માટે યાગ્ય નથી, કારણ કે તેમાં હલાલ અને હરામ અને ભેગો છે. ત્યારે ઇમામ અ.સ. એ કહયું કે હલાલ અને હરામ માલને અલગ કરો અને હરામ માલ જેનો હોય તેને પાછો મોકલાવી દયો. ઇ.મહદી અ. એ તે પ્રમાણે કર્યુ અને પછી ઇ.મહદી અ. એ પૂછયું કે અય એહમદ પેલી ગરીબ વૃધ્ધ ઔરતે જે કપડાનો રૂકડો મોકલ્યો તે કયાં છે? તેણે કહયુ કે હું ભુલી ગયો હું તેથી તે ઘરે ગયો અને તે કપડા નો રૂકડો લઇ આવ્યો (આ કાપડ નાં રૂકડો ને ગરીબ ઔરતે પોતાની જાતે બનાવ્યો હતા અને ઇમામનાં માટે ભેટ મોકલ્યો હતો). પછી સઆદબીન અબ્દુલ્લાએ પણ ૪૦ સવાલો પુછયા અને હ.મહદી અ. મે તે બધાના જવાબો આપયા (ઇ.ગાએબ અ. પેજ.૧૨.૧૩).

પ્રકરણ- ૨

## ઇ.મહદી અ.ની ગયબત

ગયબત નો અર્થ એવો નથીકે ઇમામ અ. કોઇ જગ્યાએ છુપાઇ ગયા છે પરંતુ ઇમામ અ.સ. ઓ જમીન ઉપર જ છે. દર વર્ષે હજનાં મૌકા ઉપર હજ કરવા પણ આવે છે. ઇમામ અ.સ. આપણને જુએ છે અને ઓળખે પણ છે પરંતુ આપણે ઇમામ અ.સ. ને ઓળખી શકતા નથી આપણી આંખ પર પરદો છે કે આપણે ઇમામ અ.સ. ને જોઇ શકતા નથી ઘણા મુખ્લીસ અને મુત્તકી લોકોને ઇમામ અ. ની મુલાકાત થાય છે તેઓ ઇમામ અ. ને જુએ છે પરંતુ ઓળખી શકતા નથી

ઇ.ઝમાના અ. ગયબતમાં હોવા છતા પણ આપણને તેમનાથી ફાયદો મળે છે રસુલ ખુદા અ. ફરમાવે છે કે જે રીતે વાદળ પાછળ છુપાયેલા સુરજ ગી ફાયદો મળતો રહે છે તે રીતે ઇમામ અ.ની ગૈબતમાં તેમનાથી ફાયદો મળે છે (ઇ.ગાએબ અ. પેજ.૧૩૦).

પ્રકરણ- ૪

## ગયબતે સુગરા

ઇ.મહદી અ. આપના પિતાની વફાત બાદ ૧૦ મી શવ્વાલ હિ.સ. ૨૬૦ માં



ગાએબ થયા. ત્યારે થી ગયબતે સુગરાની શરૂઆત થઇ આ સમયગાળો ૬૯ વર્ષનો હતો. જેમાં આપના ચાર નાએબ હતા આ નાએબોને નવ્વાબે ખાસ કહે છે જેના વસીલાથી શીઆઓ ઇમામ અ.સ. નાં સંપર્ક માં રહેતા. આ ચાર નાએબોના ના નીચે પ્રમાણે છે.

(૧) ઉસ્માન બીન સઇદ (અ.ર) (૨) મોહમ્મદ બીન ઉસ્માન (અ.ર)
(૩) અબુલકાસીમ હુસૈનબીન રવ્હુ નવબખ્તી (અ.ર)
(૪) અલીબીન મોહમ્મદ સૈથમુરી

૧૫ મી શાબાન હિ.સ.૩૨૯ માં ચોથા નાએબ ની વફાત થઇ ત્યાર પછી ગયબતે કુબરાની શરૂઆત થઇ જે હજી સુધી ચાલુ છે (ઇ.ગાએબ અ. પેજ.)

પ્રકરણ- ૫

## ઇ.મહદી અ.ની તુલે ઉમ્ર

કન્તાવી પોતાની તફસીર ભા-૧ માં લખે છે કે એટલાટીંક મહાસાગર માં એક ટાપુ છે.તેમાં ઓરૂ ટાવા નામ નું શહેર છે તેમાં એક વિચિત્ર વૃક્ષ છે. જેનું નામ અજદર છે તેનું થડ દસ માણસો નાં હત્થની લંબાઇ જેટલુ પહોળુ છે ઝાડ હજી ટાપુ પર મૌજુદ છે જાણકારોનાં મત આ વક્ષ જયારે પહેલો માણસ દુનિયામાં જન્મયો હશે ત્યારનું છે અને શોધ કરવાથી ૫૦૦૦ વર્ષની ઉમ્રનાં વૃક્ષો જોવા મળ્યો છે અગર વૃક્ષોને અલ્લાહ આટલી લાંબી આયુખ્ય આપી શકે તો ઇ.મહદી અ.સ. ને લાંબી ઉમ્ર આપે તો તેમાં નવાઇ પામવા જેવું નથી.

દુનિયાનાં ૯૦ કરોડ થી વધારે મુસલમાનો માને છે કે ઇસા અ.સ. હજુ જીવતા છે અને તેમની ઉમ્ર ૨૧૦૬ વર્ષ કરતા વધારે છે ખીઝર અ. જે હ.ઇબ્રાહીમ અ. નાં જમાના થી જીવતા છે જેમની વય ૪૦૦૦ વષે કયા વધારે છે ઇલ્યાસ નબી પણ હજી જીવતા છે.

હ.ઇદરીસ નબી હ.નુહ અ.નાં ઘણા વર્ષો અગાઉથી આસામન ઉપર ગયા અને હજારો વર્ષોથી જીવતા છે લુકમાને હકીમ ૩૦૦૦ વર્ષ સુધી જીવ્યાં શયતાન જે આદમ અ.નાં સમય થી હજુ જીવંત છે.

કાદીરે મુત્લક અલ્લાહ ત. એ ખીમર અ.,હ.ઇદરીસ અ.,હ.ઇસા અ.સ. ને લાંબુ આયુખ્ય અતા કરી જીવંત રાખ્યા છે તેજ અલ્લાહ ત. ઇ.મહદી અ.સ. ને લાંબુ આ મુખ્ય આપે તેમાં આશ્ચર્ય ન પામવુ જોઇએ

લોકો શયતાનજી તુલે ઉમ્ર ને ક્બુલ રાખે છે. કે જે લોકોને ગુમરાહ કરે છે અને ઇ.મહદી અ. ની તુલે ઉમ્ર માં શક કરે છે કે જે લોકો માટે હાદી (માર્ગદર્શક)

હિદાયત કરનાર છે.
હ.ખીઝર અને હ.ઈલ્યાસ અ. આ જમીન ઉપર ૪૦૦૦ થી ૫૦૦૦ વર્ષથી જીવતા છે જે ઈ.મહદી અ.સ.ની તુલે ઉમ્રની સાબિત રૂપે દલીલ છે. (ઈ.ગાએબ અ. પેજ.૧૦૮ થી ૧૧૦)

## પ્રકરણ - ૬

### મૌ.અબ્દુલ હમીદ ઈમામ અ.સ.ની મુલાકાત.

દારૂલ ઈકબાલ નામની કિતાબમાં મૌ.અબ્દુલ હમીદ કઝવૈનીનાં બારામાં એક પ્રસંગ લખેલો મૌજુદ છે. મૌ અ.હમીદ મારા દોસ્ત હતા. શબે જુમ્આ મજલીસે અઝાએ સય્યદુશ્શોહદા મારે ત્યાં આવીને કરતા, અને નજફથી કરબલા ઝિયારત માટે ચાલીને જતા. હિજરી સન.૧૨૬૪ માં તેઓ વફાત પામ્યા.

બુધવારની રાતે જયારે હું મસ્જીદે અથવા રસ્તા માં જતો ત્યારે તેઓને ત્યાં જરૂર જોતો અથવા રસ્તા માં તેઓની સાથે મુલાકાત થઈ જતી. તેના થી હું સમજી ગર્યો કે તેઓ પણ મસ્જીદે સહલામાં આમાલ કરવામાં પાબંદ છે. એક વખતમે પૂછયું કે તમે મસ્જીદે સહલામાં રાત પસાર કરો છો તેનું કોઈ કારણ છે?

કહેવા લાગ્યા કે પહેલી વાત તો એ કે મારા પર કર્ઝ નો ઘણો બોજ વધી ગયો હતો જેનાથી હું ખુબ ચિંતામાં અને પરેશાની માં હતો એક રાત્રે સ્વપન માં મેં એક બુઝુર્ગવાર ને જોયા તેઓએ મને કહયું કે મસ્જીદે સહલા જાઓ મેં તેના પર અમલ કર્યો અને બુધાર ની રાતો મે મસ્જીદમાં પસાર કરી કે બિલકુલ મારૂ તમામ કર્ઝ અદા થઈ ગયું કે જેની મને ઉમ્મીદ ન હતી આ અમલની અસર જોઈને મે ૪૦ શબે બુધ મસ્જીદે સહલામાં પસાર કરવાનો ઈરાદો કર્યો કે કદાચ ઈ.હુજજત (ઝમાના) અ.સ. ની મુલાકાત થઈ જાય અને હું નિયમિત રહેતે શબે બુધ મસ્જીદે સહલામાં જતો અને રાત પહોંચી

હું ઈબાદત થી ફારીગ થઈ મસ્જીદ ની અગાસી ઉપર આરામ માટે જતો અને રાતનાં છેલ્લા પહોરમાં નમાઝે શબ અદા કરતો. આ રાતે પણ અમાજ થયું.આમાલ બજાવીને અગાસીમાં સુઈ ગયો કે એક માણસે આવીને મને જગાડયો અને કહયુ કે શાહજાદા તશરીફ લાવ્યા છે. અગર મુલાકાત કરવા ચાહતા હો તો ચાલો મૈ જવાબ આપ્યો શાહજાદા થી મારે શું કામ? આ સાંભળીને તે માણસ ચાલ્યો ગયો પરંતુ હું ઉભો થયો અને મસ્જીદનાં સહેનમાં નજર કરી તો જોયું કે મસ્જીદ પ્રકાશિત છે અમુક લોકો ની વચ્ચે એક સાહબ નમાઝ અદા કરી રહયા છે તે વખતે હું તેમ સમજયો કે અઝમનાં શાહજાદા માંથી કોઈ શાહજાદા હશે. અને જનફથી આ મસ્જીદ માં રાત વિતાવવા આવ્યા હશે. આમ વિચારીને હું ફરી સુઈ ગયો પરંતુ પછી મને વિચાર આવ્યો કે દિવા વગર આ સમયે અહીં આવી રૌશની અને ઈબાદતનો આ અદાંઝ આ વાતો કોઈ શાહઝાદા માટે ન હોય હું નવાઈની સાથે ઉભો થયો અને મસ્જીદનાં સહનમાં જોયું તો ન રૌશની હતી અને ન લોકોનો નાનકડો સમુહ અને ન તે શાહઝાદા તેથી હું સમજી ગયો કે તે શાહઝાદા બીજુ કોઈ નહીં પરંતુ મારા મૌલા અને આકા હ.હુજજત (મહદી) અ.સ. હતા હું મારી બદકિસ્મતી પર અફસોસ કરતો રહયો કે મને ઈમામ અ. નો ખિદમતમાં હાજર થવાની ખુશનસીબી ન મળી સવારે રડતો રડતો નજફ આવ્યો, પરંતુ મે આ અમલ ને ન છોડયો અને બરાબર શબેબુધ મસ્જીદે સહલામાં ઈબાદત આમાલ બજાવી લાવતો.

એક વખત મસ્જીદ માં અવ્વલે વકત નમાઝે સુબ્હ પઢીને નજફ જતો હતો. અચાનક એક અરબ માણસે મારી પાછળથી આવી મને સલામ કરીને કહયુ મૌ.અબ્દુલહમીદ તમે સાહેબુલ અમ્ર (ઈ.ઝમાના) અ.સ. ની ઝિયારત કરવા ઈચ્છો છો? મને નવાઈ લાગી કે આ માણસને હું ઓળખતો નથી અને તે મારૂ નામ લઈને મારી સાથે વાત કરે છે પરંતુ મે તરત જ જવાબ આપ્યો કે મારૂ નસીબ આવું કયાં? તેણે એક તરફ ઈશારો કર્યો અને કહયું કે તેઓ હઝરત (ઈ.મહદી અ.સ.) છે અને નજફ જઈ રહયા છે અને બયઅત કરી લો હું તેમની તરફ ગયો અને જોયું પરંતુ હું મુંઝવણ માં મુકાય ગયો કે શું કરૂ?.

અગર બયઅત કરૂ અને તેઓ હઝરત (ઈ.ઝમાન) અ.સ. ન હોય તો અને બયઅત ન કરૂ અને તેઓ ઈ.ઝમાને અ.સ. હોય તો કેટલો ગઝબ થાય? આ મુંઝવણમાં મને વિચાર આવ્યો કે હું તેમને અંબીયા (અ.મુ.સ) નસ અમાન તોનાં બારામાં સવાલ કરીશ તેમના જવાબ થી મને ખબર પડી જશે. ફરી દિલમાં વિચાર આવ્યોકે નજફ જઈ રહયા છે તો બહેતર છે કે હું ખામોશ રહું અને નજફ પહોંચીને પછી સવાલ કરીશ પછી મેં આજુબાજુ નજર કરી તો કોઈ ન દેખાયું ન તે અરબ કે ન તે સાહબ (ઈ.ઝમાન અ.) પછી મે સમજી લીધુ કે મે જે કોઈ જોયું તેનાથી વધારે મારી કિસ્મતમાં કાંઈ નથી (ઈરફાને ઈમામત કિસ્સો.૧૬).

## પ્રકરણ - ૭

કિતાબ ''જન્નતુલમઆવા'' માં છે કે આલીમેદીન મુત્તકી સૈયદ મોહમ્મદ ફતીફી ખુબજ પરહેઝશર બુઝુર્ગ હતા અને એહલેબૈત અ.મુ.સ ની મોહબ્બતના દરીયામાં ડુબેલા હતા અને મોટાભાગનો સમય એહલેબૈત (અ.મુ.સ)નાં ઝિક્રમાં પસાર કરતાં શાયર અને આલીમ એવા કે ઈલ્મી બાબતોને પણ મરસીયા રૂપે સનદ સાથે પેશ કરતાં અને આ જ રીતે ખુબ સરસ રજુઆત સાથે

ઝિક્રે મસાએબ સુધી પહોંચી જતા અને મજલીસ માતમ બની જતી તેઓએ એવા કસીદા મરસીયા બયાન કર્યા હતા કે જે લોકોની ઝબાન ઉપર યાદ થઇ ગયા હતા અને એવા સાલેહ અને મુત્તકી આલીમ હતા કે શૈખ અલ્લાહમા અબ્દુલ હુસૈની તેહરાની (ર.અ.) પણ તેઓને પ્રશંસા સાથે યાદ કરતા.

સૈયદ મૌસૂફનાં આ પ્રસંગને જલીલુલ કદ્ર આલીમ મુલ્લા મોહસીન ઈસ્ફહાની બયાન કરે છે કે એક ઝમાનામાં મે શબે જુમ્મા મસ્જીદે કુફા જવાનો ઈરાદો કર્યો જયારે કે રસ્તામાં લુંટારાનો ભય લાગતો હતો મારી સાથે મારો એક તાલીબે ઈલ્મ (સ્ટુડન્ટ) હતો. જયારે અમે મસ્જીદે કુફામાં દાખલ થયો તો મસ્જીદ માં એક શખ્સ સિવાય કોઇ ન હતું અમે મસ્જીદ નાં આદાબ બજાવી લાવ્યાં સુરજ ડુબતી વખતે અમે મસ્જીદના દરવાજા બંધ કરી દીધા અંદર થી ઈંટ પથ્થર રાખી દીધા કે જેથી બહારથી ખુલ્લી ન જાય ત્યારે પછી અમે નમાઝ પડવા લાગ્યા, નમાઝ પઢ્યા પછી અમે બંને મકામે દકતુલકઝા માં કિબ્લા બેસી ગયા અને ત્રીજો શખ્સ જે બાબુલફીલની નજદીક મોટા અવાજે દુઆએ કુમૈલ પડવામાં મશ્ગુલ હતો. અચાનક અમે જોયુંકે એક જલીલુશ્શાન શખ્સીયત મસ્જીદનાં બંધ દરવાજા તરફથી અંદર આવી રહી છે જેમણે એહલે હેઝાઝનાં કપડા પહેરયા હતા. તેમની અમારી નજદીક આવ્યા અને અમને સલામ કરી, જેનાથી મારો સાથી બિલકુલ બેકાબુ થઇ ગયો મે મુશ્કીલથી મારી જાતને સંભાળી અને સલામનો જવાબ આપ્યો જયારે તેઓ મસ્જીદમાં દાખલ થયા અને પછી અમારી નજરોથી ગાએબ થઇ ગયા ત્યારે અમારા દિલનાં ધબકારા ઓછા થયા અને હોશ આવ્યો તો આપસમાં પુછવા લાગ્યા કે તેઓ કોણ હતા? અને કયાંથી આવ્યા? આ ગભરાહટમાં અને ઉભા થયા અને દુઆએ કુમૈલ પઢનાર તરફ ગયા અને જોયું તો તે શખ્સે પોતાના કપડા ફાડી નાખ્યા હતા અને ખુબ જ બેચની સાથે રડી રહયો હતો. અમે તેને તેની આ હાલતનાં બારામાં પૂછયું તો તેણે કહયું કે હુ ૪૦ શબે જુમ્આ થી અહીં આવું છે કે જેથી વલીયે અસ્ર ઈ.ઝમાના અ.સ. થી મુલાકાતનું સદ્‌ભાગ્ય નસીબ થાય આજે ૪૦ મી રાત હતી. જેના નતીજા માં જે કોંઇ થયું તે તમે જોયું હુ દુઆ પઢવામાં મશ્ગુલ હતો કે મે જોયું કે મારી નજદીક ઈમામ.અ. આવ્યા અને ફરમાવ્યું ''ચી મી કુની'' એટલે કે શું કરો છો ? જેનો હું જવાબ ન આપસ શકયો અને પછી હઝરત ચાલ્યા ગયા આ વાત સાંભળીને અમે હઝરત ચાલ્યા ગયા.આ વાત સાંભળીને અમે દરવાજા તરફ ગયા જોયું તો દરવાજો તે જ રીતે બંધ છે પછી અમે ખુબ જ ખુસી સાથે અલ્લાહ (ત.) નો શુક્ર અદા કર્યો કે ઝિયારતે (ઈ.ઝમાના અ.) ની ને અમત મળી ગઇ (ઈ.ઈસા.કિ.૧૭).

પ્રકરણ - ૮

સૈયદ બહરૂલઓલુમ (અ.ર.) થી ઈ.મહદી અ.સ. ની મુલાકાત

હિલ્લમાં શેખ અલી નામનાં મોઅમીન વેપારી હતા તેઓ બયાન કરે છે કે એક દિવસ હિલ્લાનાં મહાન મુજતહીદ આગા સૈ.બહેરૂલ ઓલુમ (અ.ર.) ની મુલાકાત માટે હું સવારનાં ભાગમાં મારા ઘરેથી નીકળ્યો રસ્તામાં સૈ.મહમદઝીદમઅહની કબ્ર આગળ પહોંચ્યો મે જોયું કે એક બુઝુર્ગ કબ્ર આગળ ઉભા રહીને ફાતેહા પડતા હતા તેઓનો ચહેરો નુરાની અને તેઓ અરબસ્તાનનાં લાગતા હતાં. હું તેમને જોઇ ફાતેહા પડવા ઉભો રહયો તે પછી મે તેમને સલામ કરી તેમણે સલામ નો જવાબ આપ્યો પછી ફરમાવ્યું કે તમે સૈ.મહદી (બહરૂલ ઓલુમ) ની ઝિયારત માટે જાવ છો? મેં કહયું હા. તેમણે ફરમાવ્યું ચાલો હું પણ તેમને મળવા જાવ છું રસ્તામાં ચાલતા તેમણે કહયું કે અય અલી, તમે દિલગીર ન થાવ તમોને વેપારમાં ઘણી નુકશાની થઇ માલ દૌલતની એજ હાલત છે સદા રહેતી નથી પરવરદિગાર તમારી મદદ કરશે. તમારા ઉપર હજ વાજીબ હોવા છતાં તમે ગયા નહીં તમોને ફરીવાર દૌલત મળશે. ચિંતા નહીં કરો. મેં મનમાં વિચાર્યુ કે મને થયેલી નુકશાની થી ખબર આટલી બધી ફેલાઇ ગઇ કે આ અજાણયા માણસને પણ ખબર પડી ગઇ પછીમે તેમને કહયું અલહમ્દો લિલ્લાહ ખુદાની જેવી મરજી.

એટલીવારમાં અમે મુજતહીદ સૈ.બેહરૂલ ઓલુમનાં ઘર આગળ આવ્યાં હું ઉભો રહયો અને તેમને પ્રથમ ઘરમાં દાખલ થવા વિનંતી કરી તેમણે ફરમાવ્યું અના સાહેબુદદાર હું ઘરનો માલિક છું (ઈ.ઝમાના અ.સ.નો એક લકબ સાહેબુદદાર છે.) પછી મારો હાથ પકડી પ્રથમ મને ઘરમાં દાખલ કર્યો તે પછી પોતે દાખલ થયા.

તે ઘરમાં એક મોટા ઓરડામાં મદરેસો હતો અને તાલીબે ઈલ્મ વિદ્યાર્થીઓ રાહ જોતા બેઠા હતા. એક ખાલી બઠેક આગા મુજતહીદ માટે હતી તે બેઠક ઉપર તે બુઝુર્ગવાર બેઠા તે બેઠક ઉપર કિતાબો હતી તેમાંથી મુજતહીદ સાહેબની હાથની લખેલી એક કિતાબ લઇ વાંચવા લાગ્યા અને હાજર રહેલા વિદ્યાર્થીઓને સંબોધીને ફરમાવ્યું આ કેવી ઉપયોગી કિતાબ છે. શરાયેઅ-મસાએલનાં બારામાં કેવી ઉમદા દલીલો લખેલી છે.

આગા મુજતદુદ પોતાના રૂમામાંથી બહાર આવ્યા જોયું કે એક બુઝુર્ગવાર તેમની બેઠક ઉપર બેઠા છે. આગાને જોઇને તેઓ ઉભા થઇ ગયા. પરંતુ આગાએ તેમને રોકીને કહયું કે આપ તે જ જગ્યા અ. બેસો પછી આગા તે બુઝુર્ગવારની સામે અદબથી બેસી ગયા.

મે ઘણું ચાહયું કે તેમને પુછું કે આપ કોણ છો? અને કયાંથી આવ્યાં છો? પરંતુ મારી હિંમત ન થઇ મે વિદ્યાર્થી ઓને હંમેશની માફક શીખવવાનું શરૂ કર્યુ

અને એક મસઅલાનાં બારામાં ખુલાસો સમજણ આપતો હતો અને તે બુઝુર્ગવાર તે મસઅલા વિશે પોતાના વિચારો દર્શાવ્યાં જાણે મોતી ખરતા હોય તેવી મીઠાશથી એવી ઉમદા દલીલો સંભળાવતા હતા કે જે મેં કયારેય સાંભળી ન હતી વચમાં એક જાહીલ વિદ્યાર્થીએ તે બુઝુર્ગવારને કહર્યુ તમે આ મસઅલામાં શું સમજી શકો છો? તે બુઝુર્ગવાર મોં મલકાવી ચુપ રહયા.

તે પછી તેમણે પાણી લાવવા માટે કહયું એક નોકર અંદરનાં ભાગથી એક મોટા કુંજામાથી પાણી ભરવા લાગ્યો તે બુઝુર્ગવારે ફરમાવ્યું કે તે પાણી નજીસ છે તેમાં મરેલુ જાનવર પડયું છે માટે બીજા કુંજામાંથી પાણી ભરી લાવો પાણી આવ્યું તેમણે પીધું ત્યાર પછી મે પૂછર્યુ કે આપ કયાંથી આવો વો? તેમણે કહયું કે સુલેમાનીય્યાહ ગામથી મે પૂછયું ત્યાંથી કાયરે રવાના થયા હતા તેમણે કહયું કે ગઇ કાલે ત્યાંથી રવાના થયો . અને ત્યાં નજીબપાશા સરકારી ફોજે સુલેમાનીય્યાહ કબ્જે કર્યુ છે.

અને ત્યાના બળવાખોર હાકીમને કૈદ કરીને લઇ ગયા છે. અને તેની જગ્યાએ અબ્દુલ્લા પાશાને હાકીમ બનાવ્યા મને વિચાર થયો કે સુલેમાનીય્યાહ થી હિલ્લાનો રસ્તો દસ દિવસનો છે તેથી અગાઉ કોઇ આવી શકે નહી તેમજ હિલ્લાના હાકીમને કે કોઇને તેની ખબર ન પડી છતાં હું ચુપ રહયો.

તે બુઝુર્ગવાર જવા માટે ઉભા થયા હું તેમને દરવાજા સુધી વળાવવા ગયો અંદર પાછો આવીને મે વિદ્યાર્થીઓને કહયું કે હિલ્લાથી સુલેમાનીય્યાહ નું અંતર દસ દિવસનું છે. છતાં તેમણે કહયું કે ગઇ કાલે રવાના થયો તે વિશે કોઇએ કાંઇ કહયું નહીં વિદ્યાર્થીઓએ કહયું કે શા માટે આપે તે વિશે ન પૂછયું તે વખતે મને હોશ આવ્યો મે કહયું જાઓ દોડો તે બુઝુર્ગવારની તપાસ કરો મને ખાત્રી છે કે તેમને ફરીવાર નહીં જોઇ શકશો બેશક તેઓ આપણા ઝમાના નાં ઇમામે ઝમાના અ. હતા.

પાણીનો કુંજો અંદર હતો છતાં ફરમાવ્યું કે તેમાં મરેલુ જાનવર છે અને નોકરે જોયુ તો તેમાં ગરોળી મરણ પામેલી હતી વતી મસઅલાનાં બારામાં તેમનું બયાન એવું હતું કે જાણે મોતીએ ખરતા હોય જે કોઇ વખત સાંભળ્યું ન હતું તે વખતે શેખઅલીએ રસ્તા તેમનાં વેપારીની નુકશાની અને હજ માટે નહીં ગયાની તેને ખબર આપી તેથી બધાને ખાત્રી થઇ ગઇ કે તે બુઝુર્ગવાર આકા એ દો-જહાન ઇ.ઝમાના હ.હુજ્જત(ઇ.મહદી) અ.સ. હતા. દસમાં દિવસે હિલ્લાના હાકીમને સુલેમાનીય્યાહ ફત્તેહ થવાનાં સમાચાર મળ્યા તેથી અમોને વધુ ખાત્રી થઇ અને ઇ.ઝમાના અ.સ. ની ઝિયારત નસીબ થવા માટે ખુદાનો શુક્ર બજાવી લાવ્યાં (ઇ.ઝમાન ઇ.મહદી અ.પેજ.નં.૨૫૪ થી ૨૫૮.)



પ્રકરણ - ૯

અંબીયા પયગંબરોની ગયબત.

શૈખ સદૂક (અ.સ.) ને ગૌબત ઉપર કિતાબ લખવા કહયુ.

શેખ અબુ જઅફર મુહમ્મદ ઇબ્ને અલી બાબવયહ, જે શેખ સુદુકના લકબથી મશહુર છે. તેમણે કહ્યું કે એક વેળા મને શેખ નજમુદીન અબુ સઇદ મહમદ ઇબ્ને હસને ઇમામે ઝમાન હ.મહેદી અ.ની ગયબતના બારામાં એક કિતાબ લખવાને કહ્યું મેં કહ્યું જયારે હું મારા વતન તેહરાન (ઇરાન) પહોંચીશ ત્યારે લખીશ.

હું મારા વતને તેહરાન પહોંચ્યો પરંતુ મારા બચ્ચાઓની અને બીજી બાબતોની ચિંતામાં હતો. તેથી તે કિતાબ લખી નહી શકયો એક વેળા રાતના સ્વપ્નમાં મે જોયું કે હું મકકા મુઅઝઝમા પહોચ્યો અને ખાનએ કઅબાની તવાફ કરતો હતો, સાતમા તવાફમાં હતો અને હુજરે અસવદને બોસો આપી ''અમાનતી અદદયતુહા'' કહ્યું-એટલી વારમાં ખાનએ કઅબાના દરવાજા આગળ મેં એક બુઝુર્ગવાર નુરાની ચેહારાના જોયા મારા દિલમાં થયું કે તે બુઝુર્ગવાર મારા ઇમામ છે. મે સલામ કરી તેમણે જવાબ આપીને ફરમાવ્યું તમે શા માટે ગયબતની કિતાબ લખતા નથી

મેં અરજ કરી ગયબતના બારામાં મેં ઘણું લખ્યું છે. ફરમ વ્યું નહીં હવે એક કિતાબ લખો અને તેમાં થઇ ગયલા પયગંબરોની ગયબતનું બયાન લખો.

હું સ્વપ્નાથી જાગ્યો-સ્વપપ્નું યાદ આવતાં હું ઘણો રડયો અને દુઆ માંગતો રહ્યો. પછી ફજરની નમાઝ પડયો. અને તેજ દિવસે ઇમામે ઝમાના હ.મહેંદી અ. સ. ની ગયબતની કિતાબ લખવા શરૂ કરી.

ઇમામે ઝમાનાની ગયબતની ઘણી દલીલો આએ કિતાબમાં અન્ય સ્થળે લખેલ છે. આએ પ્રકરણમાં અમુક પયગંબરોની ગયબતનું વર્ણન ટુંકમાં લખેલ છે.

પ્રકરણ - ૧૦

હ.મુસા પયગંબરની ગયબત.

શેખ સુદુક (અ.ર.) હ.ઇમામ ઝયનુલ આબેદીન અ.થી રીવાયત લખે છે કે હ.યુસુફ પયગંબરે પોતાની વફાતથી અગાઉ,પોતાના કુટુંબ અને શિઆઓને એકઠા કરી પોતાની મરણ કેડે જે બનાવો બનશે તેની તેઓને ખબર આપતાં ફરમાવ્યું કે તમોને ઘણી મુસીબતો ફીરઔનના વખતમાં સહન કરવી પડશે તમારા મરદોને ગુલામ બનાવી કત્લ કરશે,તમારી ઓરતોના પેટ ચીરવામાં આવશે અને પેટમાં બાળક હશે તેને ઝબહ કરશે તે પછી પરવરદીગાર લાવી બીન યઅકુબના ફરઝંદ હ.મુસા અ.ને જાહેર કરશે, જે ઘઉંવણાં લાંબા કદના

હશે.
બની ઈસરાઈલે ચારસો વરસ સુધી ફીઑનના ઝમાનામાં આફત, મુસીબત ઉપર સબર કરી, તે સમયમાં અંબીયા અવસીયા ગાયબ રહ્યા, અને તેઓ હંમેશા ફરજ અને .મુસાના ઝુહુર માટે રાહ જોઇ દુઆ કરતા રહ્યા.
તે લાંબી મુદત પછી તેઓને હ.મુસાના પેદા થવાની ખુશ ખબરી મળી, તેની તેઓ.આશાવંત બન્યા તેઓમા એક આલીમ પરહેઝાર હતા. તે હમેશા પોતાની કોમને ઝુહુંર અને ફરજ હકીકતો સંભળાવી દીલાસો આપતા હતા. પણ ફીરઑનના સખત સતામણી અને ઝુલમના કારણે
તે આલીમ જંગલ તરફ પહાડોમાં આસરો લઇ છુપાઇ ગયા. જયારે ફીરઑને બની ઈસરાઈલ ઉપર સખત ઝુલમ કરી તેઓ પાસેથી ભારે લાકડા અને પત્થર ઉપડાવતો હતો ત્યારે તેઓને તે આલીમને પયગામ મોકલ્યા કે હવે અમારી મુસીબતોની હદ આવી ગઇ તમે હતા ત્યારે તમારી વાતોથી ઓમને સાવ અને દીલાસો મળતો. હવે આવો અને અમારા દુઃખોમાં ભાગ લઇ,ફરજ કયારે મળશે તેની હકીકત જણાવો.
તે આલીમ તેઓને જંગલ બીયાબાનમાં જયાં પોતે રહેતા હતા ત્યાં તેડાવ્યા બની ઈસાઈલમાંથી અમુક માણીી તેને મળવા ગયા. તેઓને આલીમ પાસે ફરજની વાતો કરતા હતા, અજવાળી રાતનો સમય હતો તે આલીમે તેઓને બીશારત આપી કે હવે ફરજ બહુ નજીક છે. તેઓ ગુફતગેમાં હતા એટલી વારમાં તેઓએ જોયું કે એક નુરાની ચેહરાના લાંબા કદના જવાન તેઓની સામે હાજર થયા તે આલીમ હ.મુસાની નિશાનીઓની વાકેફ હતા. તેથી ઓળખી લીધા અને ખુદાના શુક્રના સીજદામાં જુકી પડતા સીજદાથી ઉઠી હ.મુસાના પોના બોસા લઇ પોતાના બોસા લઇ પોતાના દુઓનું વર્ણન કરી ખુબ રડયા હઝરતે તેઓને દીલાસો અને ફરજની વધામણી આપી કે હવે નજીકમાં ફરજ મળશે અને ફરી નજરથી ગાયબ થયા અન. મદાયન તરફ હ. શુઅયબના મકાન તરફ ગયા અને તેમની દીકરી સામે દસ વરસની ખીદમત કરવાની રતે નીહાહ કર્યા દ(જે બંબાણથી હોવાથી લખ્યું નથી)
હ.મુસા ની પહેલી ગયબત ગયબતે સુગરા માફક હતી હવે બીજી ગયબત થઇ. બની ઈસારાઈલોની મુસીબતોમાં વધારો થતો રહ્યો અને તેઓની ધીરજ ખુટી ગઇ તેથી અમુક મુદત (દસ વરસો) પછી ફરીવાર તેઓ તે આલીમના રહેઠાળુ તરફ ગયા તેઓ તે આલીમ સાથે બેસી પોતાના દુઃખો અને ફરજની વાતો કરતા હતા.તે આલીમે કહ્યું મને પરવરદીગાર તરફથી જણાવવામાં આવ્યું કે હવે ચાલીસ વરસ પછી ફરજ થશે. તેઓને શુક્રના કારણે વીસ વરસ મુદતમાં ઘટાડો કર્યો તેની ખબર ખુદાના તરફથી તે આલીમોને તેજ વખતે કરવામાં આવી. તે આલીમે તેઓને કહ્યું તમારા શુક્ર અને સબરથી અલ્લાહ તઆલાએ



વીસ વરસો ઘટોડયા તેઓએ કહ્યું દરેક પ્રકારની નેઅમતો ખુદાની તરફથી છે તેથી ફરીવાર તે આલીમને પ્રેર્ણા થતાં તેઓને જણાવ્યું કે હવે પરવરદીગાર બીજા દસ વરસ ઘટાડયા તેઓએ કહ્યું કે દરેક પ્રકાની બલા મુસીબત ખુદા સિવાય કોઇ ટાળી શકતો નથી.
એટલી વારમાં તેઓએ જોયું કે હ.મુસા અ. તેઓની પાસે હાજર થયા. સઘળાઓ પ્રથમ શુક્રના સીજદામાં જુકી પડયા સીજદાથી માથું ઉચુ કરી હ.મુસાના પગોને બોસા આપ્યા હઝરતે તેઓને ખુશ ખબરી આપી કે હવે મને જાહેર થઇ ફીરઑન પાસે જવાનો હુકમ થયો છે તમે સઘળા વીખરાઇ ચાલ્યા જાઓ. તે પછી હુ.મસા પયગંબર ફીરઑનની કચેરીમાં ગયા જાુદુગરો હાજર થયા તે પછી હ.મુસા બની ઈસરાઈલ છ લાખ નાના મોટા સ્ત્રી પુરૂષો સાથે મીસરથી બાહેર નીકળી ગયા અને દર્યામાં માર્ગ થવાથી તેઓ પસાર થયા અને ફીરઑન અને તોના લાખો સાથીઓ તેઓની પાછળ આવી દર્યામાં ડુબી ગયા.
ઉપર હકીકતથી જણાશે કે હુ.મસા પયગંબર ગયબત થઇ અને તમની ઉમ્મતની પરીક્ષા થઇ. એજ મુજબ આપણા પયગંબરની ઉમ્મત માટે ગયબતની પરીક્ષા શા માટે ન હોય.

પ્રકરણ :- ૧૧

હ.સુલેમાન પયગંબરની ગયબત

હ.દાઉદ પયગંબરે હ.સુલયમાનની લાયકાત સાબીત કરવા માટે તેમના ઈલ્મ, સમજની પરીક્ષા લીધી અને તેજ સમયે બની ઈસરાઈલી સામે હ.સુલયમાનને સવાલો કર્યા. હઝરતે પોતાના ફરઝંદ, ગાદી વારસ હ.સુલયમાનને પુછયું,-કઇ ચીજ સર્વથી વધુ રાહત ઉપજાવનાર અને દીલને ઠંડક બક્ષનાર છે? હ.સુલયમાને અરજ કરી, ખુદાની માફી અને લોકો એક બીજાને દરગુજર કરે એ સર્વથી વધુ મનને ઠંડક અને દિલને રાહત પહોંચડનાર હેય છે.
ફરી પૂછયું સર્વથી વધુ મીઠી સ્વાદિષ્ટકઇ ચીજ છે.? અરજ કરી, મોહબ્બત અને ખરી મિત્રતા.એ મોહબ્બત અને મિત્રતા ખુદાના તરફથી પોતાના બંદાઓ માટે રહમત, દયા અને ભલાઇ છે. (વર્તમાન કાળમાં મહોબ્બત, મિત્રતા, જે ખુદાની દયા છે તે અદ્રશ્ય થયું છે. તેનો ઠેકાણે વેરવૃતિ, હસદ, ઝુલ્મ હોવાથી લોકો ઉપર ખુદાનો ગઝબ હોવાની નિશાની છે.)
હ. દાઉદ અ. પોતાના દીકરાના ખરા અને ઉમદા જવાબોથી ખુશ થઇ મોં મલકાવી બની ઈસરાઈલને ફરમાવ્યું હવે તમે સંતોષ પામ્યા કે મારી ખીલાફત માટે મારા દિકરા હ.સુલયમાન દરેક પ્રકારથી લાયક છે.
હ.દાઉદ પયગંબરની વફાત પછી હ.સુલયમાન અ. ખુદાના હુકમથી ગાયબ

થયા અને પરવરદીગારે તેમની ગયબતના સમયમાં તેમના શીઆઓની પરીક્ષા લીધી તેથી ગયબતની મુદત સુધી તેઓ દુઆ આફતમાં રહ્યા. હ.સુલયમાન ગાયબ થઇ એક નજીકમાં મુલકમાં રહેવા ગયા, એક દિવસે હઝરતની સ્ત્રીએ કહ્યું કે તમારા રંગરૂપ,રીતભાત અને ખુબીઓ દરેક રીતે ઇચ્છવા જોગ છે તેમજ દરેક પ્રકાની ભલાઇ અને ખુબીઓ તમારામાં છે છતાં તમો મારા પિતાના આધારે અને ખર્ચે રહ્યા છો જેથી મને બહુજ શરમીંદગી ઉપજે છે. જો તમે કામ કરી કાંઇ લાવશો તો મારૂં મોઢું ઉચું થશે. હઝરત સુલયમાન પયગંબરે ફરમાવ્યું દુન્યાનેં કોઇ કામ હું જાણતો ન થી (શાહઝાદા હતા) અને કોઇ વખતે રોજી મેળવવા માટે મને કામ કરવાની જરૂર નહિ પડી. છતાં આવતી કાલે હું બજારમાં જઇશ. બીજે દિવસે બજારમાં ગયા. ખુબ ફર્યા પરંતુ કાંઇ મેળવી નહિ શકયા અને ખાલી હાથ ઘરે આવ્યા. તેમની સ્ત્રીએ કહ્યું, (કેવી ભલી ઓરત હતી, વર્તમાનકાળના ફેશની ફીશ્ચારીના ઝમાનામાં લાખો કરોડોમાંથી એક આવી ભલી ઓરત હશે) તમે ચિંતા નહિ કરો,નિરાશ નહિ બનો ફરીવાર આવતી કાલે કામની શોધમાં જાઓ.બીજે દિવસે ગયા તે દિવસે પણ ખાલી હાથ પાછા ફર્યા. (અલ્લાહની પરીક્ષાની મહીમા હતી). તેમની સ્ત્રીએ કહ્યું દીલગીર નહિ થાઓ. આવતી કાલે ફરી બહાર નીકળો અલ્લાહ તઆલાની કરમ બક્ષીશથી તમો ફતેહમંદ થશો. ત્રીજે દિવસે હઝરત બહાર નીકળી દર્યા કિનારે પોહંચ્યા ત્યાં એક માછીમારને જોયા તેમને ફરમાવ્યું હું તમોને તમારા કામમાં મદદ કરૂ તેની મજુરી જે ધ્યાનમાં આવે તે આપશો માછીમારે કબુલ કર્યુ હઝરતે તેના કામમાં મદદ કરી સાંજના માછીમારે હઝરતને બે માછલીઓ આપી હઝરત ખુશી થઇ ખુદાનો શુક્ર બજાવી લાવ્યા પ્રથમ દરીયા કિનારે તે માછલીઓના પેટ ચીરી સાફ કરવા મંડી પડયા. એક માછલીના પેટમાંથી એક વીંટી મળી. (હરઝરત પયગંબર હોવાથી વીંટીની ખુબી પારખી શકયા જે રાજયની નિશાની હતી.) વીંટી ધોઇ રૂમાલમાં લપેટી ખીસામાં રાખી મુકી અને માછલીઓ લઇ ઘેર આવ્યા, તેમની સ્ત્રી માછીલી જોઇ ઘણી ખુશ થઇ, પોતાના પિતાને બોલાવી માછલીઓ દેખાડી.તે વખતે હઝરતે પોતાના સસરાને કહ્યું,તમે મને ઓળખો છો હું કોણ છું. તેણે કહ્યું કે તમે ઘણા ભલા અને મારા દીકરા સમાન છો. પરંતુ હું તમોને ઓળખતો નથી હઝરતે ફરમાવ્યું હું હઝરત દાઉદ પયગંબર અને બાદશાહ ફરઝંદ અને ગાદીવારસ છું પછી તે વીંટી બહાર કાઢી પોતાની આંગળીમાં મુકી, તેજ વખતે હઝરત ચોમેરથી જીન્નાત,પંખીઓ સેવામાં હાજર થયા.

હઝરત પોતાની સ્ત્રી અને તેના માતાપિતાને લઇ પોતાનની રાજધાની તરફ રવાના થયા. તેમની ઉમ્મતના લોકો તેમને જોઇ ખુશી થયા અને ખુદાના શુક્રના



સીજદામાં જુકી ગયા હ.સુલેમાની બાદશાહીનો રસીક એહવાલ આએ કિતાબના વિષયનો ન હોવાથી લખ્યું નથી.

ઉપર જણાવેલા બે પયગંબરો હ.મુસા અને હ.સુલયમાનની ગયબતનું વર્ણન વાંચ્યા કેડે ખાત્રી ઉપજશે કે દરેક પયગંબરની ઉમ્મતના માટે એવી પરિક્ષાઓ હતી. હ.યુનુસ, હ.ઇબ્રાહીમ,હ.ઇદરીસ વીગેરે ઘણા પયગંબરોની ગયબતું રસીક બયાન કિતાબોમાં છે.પરંતુ સ્થળ સંકોચના કારણે માત્ર બે પયગંબરોની હકીકત લખેલ છે.) (ઇ.ઝમાના હ.મહદી અ. પેજ.૧૦૪ થી ૧૧૨).

## પ્રકરણ - ૧૨

## ઇરાન ઉપર ઇમામી ખાસ મહેરબાની

પહેલા વિશ્વયુદ્ધ વખતે ઇરાન ઉપર અંગ્રેજો અને રશિયનોના કબજો, શીઆઓ ઉપરના હુમલાઓ અને અત્યા-ચારો ટોચ ઉપર પહોંચ્યા હતા, ત્યારે મરહુમ આયતુલ્લાહ નાએની (અ.ર.) ભારે પરેશાન અને વ્યકિત રહેતા હતા. પરિસ્થિતિ કેવો વળાંક લેશે, એના વિચારે ચિંતામાં ડુબેલા રહેતા. એવું ન બને કે ઇમામે ઝમાના અ.ના ચાહકો અને દોસ્તોનો આ દેશ હાથમાંથી નીકળી જાય-તેઓ હાર ખાઇ બેસે. એવા દિવસોમાં એક વેળા ઇમામ અ. નો 'તવસ્સુલ' કર્યો આહોઝારી કરતાં કરતાં ઉંઘ આવી ગઇ. સ્વપ્નામાં જોયું કે ઇરાનના નકશા જેવી એક દીવાલ છે, જે તુટીને વાંકી વળી ગઇ છે અને પડી જવાની અણી ઉપર છે. દીવાલને અડીને કેટલાંક સ્ત્રી-બાળકો બેઠાં છે. એમ લાગતું હતું કે દીવાલ એમના ઉપર તુટી પડશે.

જનાબે મીરઝા આ દ્રશ્ય જોઇને ભયભીત બની જાય છે અને ચીખ પાડી ઉઠે છે : 'આ સ્થિતિ કયાં સુધી રહેશે?'

આ જ હાલતમાં જુએ છે કે ઇમામે ઝમાના અ. તશરીફ લાવ્યા. તેમની મુબારક આંગળી પેલી દીવાલ તરફ વળી અને નમી પડેલી દીવાલ ને સીધી કરી નાખી. પછી બે વાર પોતાનું માથું હલાવ્યું અને ફરમાવ્યું : ''અહીંયા અમારા શીઆઓના ઘરો છે, દીવાલ વાંકી વળશે. તુટશે,ભય ઉભો થશે. પણ અમે તેને પડવા નહિ દઇએ. અમે તેનું બરાબર ધ્યાન રાખીએ છીએ''

## પ્રકરણ - ૧૩

## ઇ.મુસા કાઝીમ નાં રોઝામાં ઇમામ અ.સ. થી મુલાકાત.

જ.ઇબ્ને તાઉસ અ.ર. કિતાબ 'ફરાઝુલ હુમૂમ' માં ફરમાવે છે કે મે એવા લોકોનાં સમૂહને જોયા છે કે જેઓને ઇ.હુજજત અ. ની ઝિયારત થઇ અને તેઓ માંથી કેટલાક એવા લોકો પણ હતા કે જેઓ તેમના અરીઝાના જવાબ હઝરત પાસેથી લાવ્યા તેમાંથી એક ખબર આ પણ છે કે જેની સરખાઇનું મને યકીન છે

જેના બયાન કરનારે મને નામ જાહેર કરવાની રજા નથી આપી તે એ છે કે તે અલ્લાહ (ત.) ની બારગાહમાં દરરોજ દુઆ કરતો કે અય અલ્લાહ મને હ.હજ્જત અ. ની ઝિયારત નસીબ કર તેને સ્વપ્ન માં ખુશખબરી મળી કે આ સમયે આ જગ્યાએ તને હઝરતની ઝિયારત થશે. જયારે સમય આવ્યો ત્યારે તે હ. મુસા કાજીમ અ. નાં રોઝા મુબારક માં હતો. પહેલા જાણીતો અવાઝ સાંભળ્યો અને રોઝ મુબારક માં દાખલ થઈ ઝરીહ - મુબારક માં દાખલ થઈ ઝરીહ-મુબારક પાસે ઉભો રહી ગયો. જોયુ તો એક બુઝુર્ગવાર આવ્યા છે. જેના બારામાં કુદરતી રીતે તેના દીલમાં એ વાત બેસી ગઈ કે આ જ હ. હુજ્જત અ. છે. પરંતુ આપ અ.સ. સાથે વાત કરવાની હિંમત ન થઈ શકી.
(ઈરફાને ઈમામત કિસ્સો : ૯૫)

પ્રકરણ ૧૪

શરીફ ઉપર ઈબ્ને હમ્ઝા ને આખરી સમયમાં હિદાયત મળી.

શેખ વરામ ફરાસ કિતાબ '' તમલીયુલ ખાત'' માં લખે છે કે સૈ.અબુલહસન હુસૈની એ આ પ્રસંગે અલી ઈબ્ને નુમા થી મને નકલ કર્યો કે અબુ મોહમ્મદ હસન ઈબ્ને અલી હમઝા ઉકાસી કહે છે. કે કુફામાં એક શખ્સ જે કપડા ધોવાનાં વ્યવસાય કરતો હતો. જે પરહેઝગાર અને આબીદ તરીકે મશહુર હતો. ઈબાદતે ઈલાહી અને ઈતાઅત ગુજારી માં પસાર કરી રહ્યા હતા.

એક વખત તે મારા પિતા પાસે આવ્યાં અને વાત કરીકે એક રાત્રે હું એકાંતમાં ઈબાદત કરવા મસ્જીદે જોઅફીમાં હતો. ત્યારે ત્રણ બુઝુર્ગ વ્યક્તિ ઓ મસ્જીદમાં દાખલ થઈ. જેમાંથી એક સાહેબ બેસીગયા અને જમણી તથા ડાબી બાજુ જમીન પર હાથ ફેરવ્યો તો ત્યાંથી પાણી નીકળવા લાગ્યું તેનાથી તેમણે વુઝુ કર્યું અને સાથીઓને પણ વુઝુ કરવા કહયું.તેઓએ પણ વુઝુ કરી લીધુ. અને પછી તે સાહબ આગળ ઉભા રહી ગયા. અને તેમની પાગળ તે બન્ને શખ્સો એ જમાઅત નમાઝ આદ કરી. જયારે નમાઝ પુરી થઈ ગઈ તો મેં જમણીબાજું નાં નમાઝીને પછયું કે આ સાહબ કોણ છે? તેઓએ જવાબ આપ્યો કે આ સાહેબુલઅમ્ર છે હું સાંભળતાજ તુરંત જ ઉભો થયો અને આપનાં હાથોને ચુમ્યો અને પછીમે પૂછયું યબ્ન રસુલલીલ્લાહ કશરીફ ઉમર ઈબ્ને હમ્ઝાનાં બારામાં શું હુકવ છે? શું તે હક પર છે? ફરમાવ્યું નહીં, પરંતુ તે હિદાયત મેળવશે અને તયા સુધી નહીં મરે ત્યાં સુધી મને જોઈ ન લે.

ઘણા વર્ષો પસાર થઈ ગયા શરીફ ઉમર બીન હમ્ઝાનું મૃત્યુ પણ થઈ ગયું પરંતુ તે ખબર ન પડી કે શરીફે હઝરત ને જોયા કે નહીં.

પરંતુ એક વખત શૈખ સાથે મારી મુલાકાત થઈ ગઈ તો મે તેમનું આ બયાન યાદ દેવરાવ્યું કે શરીફ નું તો હઝરતની ઝિયારત કર્યા વગર મૃત્યું થઈ ગયું તો



તેમણે કહયું કે તને શું ખબર કે તેઓ હઝરતની ઝિયારત કર્યા વિના મૃત્યુ પામ્યો.

ત્યાર પછી અમે શરીફના ધિરા અબુલ મનાકીબ ને મળ્યા અને આ બાબતે વાતચીત કરી તો તેણે કહયું કે એક રાત્રે મારા પિતા શરિફ ઉમર બીન હમ્ઝા) મૌતની પથારી પર હતા હું તેમની પાસે હતો બધા દરવાજા બંધ હતા તે સમયે એક શખ્સ દાખલ દરવાજા બંધ હતા તે સમયે એક શખ્સ દાખલ થયા. હું તો ખુબ જ કરી ગયો, અને તેમણે મારા પિતા પાસે બેસીને ધીમે ધીમે વાતચીત કરી મારા પિતા રડવા લાગ્યા અને તે શખ્સ ઉભા થઈ ને ચાલ્યા ગયા તે પછી મારા પિતાએ મને કહયું કે મને બેસાડો અમે તેમને લેસાડયા તેઓએ આંખ ખોલી અને કહેવા લાગ્યા એ બુઝુગવાર કયાં છે જે હમણા આવ્યા હતા અમે જવાબ આવ્યો કે તેઓ ચાલ્યા ગયા તેમણે કહયું કે જલ્દી જુઓ અમે ચારેય બાજુ નજર કરી જોયું કે દરવાજા બંધ છે અને કયા પણ કોઈ નિશાન નથી મેં મારા પિતાને પૂછયું કે તેઓ કોણ હતા? મારા પિતાએ કરવું કે તેઓ ઈમામે અસ્ર અને ઝમાનાં ના ઈમામ હ.સાહેબુલ અમ્ર અ. (હ.મહદી અ.સ.) હતા. આટલુ કહીને મારા પિતા બેહોશ થઈ ગયા. (ઈ.ઈમામત-૯૮)

પ્રકરણ - ૧૫

હું તમારા ઝમાનાનો ઈમામ છું

ઈબ્ને તાઉસ અ. એ કિતાબે ઈકબાલ માં મોહમ્મદ ઈબ્ને ઉબ્યુદ દાવર દાસી થી આ પ્રસંગ લખ્યો છે.

એક દિવસ માહે રજબમાં મોહમ્મદ ઈબ્ને દાહાના મસ્જીદે સહલા ગયા ત્યાં મોહમ્મદ કહયું કે ચાલો મસ્જીદે સાઅસા જઈએ જે ખુબજ મુબારક મસ્જીદ છે. જયાં અમીરૂલ મોઅમેનીન (અ.સ.) અને બીજા અઈમ્મા અ.નુ.સ આવતા હતાં તેથી અમે તે મસ્જીદ માં ગયા નમાઝ વગૈશે પઢી રહયા હતા, કે જોયું કે એક ખૂબસુરત સવાર આવી રહયા છે તેઓએ છાયડામાં ઉંટ બાંધી દીધો મસ્જીદમાં દાખલ થયા. તૂલાની બે રકાત નમાઝ અદા કરી દુખા કરી, સીજદો કર્યો અને પછી ઉભા થઈને ચાલ્યા ગયા હજુ તે સવાર નહોતા થયાં કે મોહમ્મદે મને કહયું કે ચાલો જરા તેઓને પૂછયું કે તઓ કોણ છે? અમે તેમની પાસે પહોંચ્યા અને સવાલ કર્યો કે આપને ખુદાની કસમ આપ કહોકે આપ કોણ છો? તેમણે જવાબ માં કહયું કે તમને ખુદાની કસમ કે તમે એ બતાવો કે તમે મને શું સમજયા? અમે જવાબ આપ્યોકે ખ્યાલ એવો છે કે આપ હ.ખીઝર અ. છો ને પછી તેમણે કહયુ કે હુ તે છું કે જેને જોવા માટે ખીઝર અ. પણ મોહતાજ છે અને હું તમારા ઝમાનાનો ઈમામ છું (ઈરફાને ઈમામત કિસ્સો- ૧૦૧).

## પ્રકરણ - ૧૬

## શેખ મો.કાસીમને ઇમામ અ.ની મુલાકાત

જન્નતુલ મઆવા નાં લેખક લખે છે.અમારી બાજુનાં એહલે ઇમાન માંથી એક મર્દે મોઅમીન જેનું નામ શેખ મો.કાસીમ હતું, અને જેમણે ઘણા હજ કર્યા હતા. તઓ ફરમાવે છે કે

એક વખત હું રસ્તામાં ચાલતા ચાલતા થાકી ગયો.અને એક વૃક્ષની નીચે સૂઇ ગયો. અને એટલી બધીવાર સૂઇ રહયો કે બધા હાજીલોકો રસ્તા પરથી પસાર થઇ આગળ ચાલ્યા ગયા. જયારે  થઇ આગળ ચાલ્યા ગયા. જયારે ઉઠયો તો સમજયો કે તેઓ ખુબ આગળ નીકળી ગયા. રસ્તો ખબર ન હતો. આખરે એક દિશા તરફ ઘ્યાન આપીને એક મોટા અવાજે સાહેબુલ અમ્ર થી આ રીતે ફરિયાદ શરૂ કરીકે યા અબા સાબેહ યા આબા સાલેહા જેવુ કે ઇબ્ને તાઉસ (અ.ર.) એ કિતાબે અમાન માં હઝરત થી ફરિયાદ કરવાની રીત બયાન કરી છે. બસ આ રીતે ઇસ્તેગાસા કરી રહયો હતો.

એકા એક જોયું કે એક સાહબ અરબી કપડામાં ઘોડા ઉપર સવાર આવ્યા અને મને કહયું કે તમે હાજીઓ થી વિખુટા પડી ગયા છો. મારી સાથે સવાર થઇ જાવ જેથી તમને તે લોકો પાસે પહોંચાડી દઉ.તેથી હું સવારે થઇ ગયા. અને થોડાજ સમયમાં કાફેલા સુધી પહોંચી ગયા. તેની નજદીક મને ઉતારી દીધો અને ફરમાવ્યું કે જાવ અને તમારૂ કાળ કટો મે કહયું કે ખુબ તરસ લાગી છે. તેઓ પાણીની એક માટલી કાઢી મને પીવા માટે પાણી આપ્પ્યું મે પાણી પીધું ખુદાની કસમ તે અજીબ મધૂર અમૃત જેવુ મીઠું પાણી હતું. જયારે હું કાફલામાં પહોંચ્યા તો મે આજુ-બાજુ જોયું તો દેખાયા નહીં. (ઇરફાને ઇમામત . કીસ્સોઃ-૨૩)

## પ્રકરણ - ૧૭

## અફઝલીયતે મૌલાએ કાએનાત (હ.અલી અ.સ.)

અ.મજલીસી (અ.ર.) નાં વિદ્યાર્થી આલીમ મિઝાં અબ્દુલ્લાહ ઇસ્ફહાની (અ.ર.) એ ફાહરે હમાદાનનો એક મુનાઝેરો લખ્યો છે જે અબુલ કાસીમબીન મોહમ્મદ હાશમી શીયા અને રફીઉલદીન હુસૈન ની વચ્ચે થયો હતો.

મોટા ભાગે તેઓ બંને સાથે રહેતા અને ઘણી વખતે સાથે સફર પણ કરતા. પરંતુ કયારેય મઝહબી ચર્ચા ન થતી. ફકત મજાકમાં તેઓ કેબીજાને નાસબી અને રાફેઝી કહયા કરતા.

એક વખત ઇત્તોફાકન તેઓ બંને હમાદાનની મસ્જીદે અતીકમાં સાથે હતા. વાતચીત થઇ રહી હતી. વાતચીતમાં રફીઉદકીને હઝરત અલી અ.સ. ઉપર અને અબુબક્ર ને ફઝીલત આપી અબુલ કાસીમે તેને રદ કરતા ફરમાવ્યું કે રસુલ



સ.અ.વ. ના અસ્હાબો પર અમીરૂલ મોઅમેનીન અ.સ. ની ફઝીલતને બયાન કરતી અનેક આયતો હદીસઓ દલાલત કરે છે અને મૌલાએ કાએનાતનાં મોજીઝા બયાન કર્યા.તેના જવાબમાં રફીઉકદીને અબુબક્રનાં બારામાં ગારમાં સાથે હોવુ, રસુલેખુદા સ.નાં સસરા હોવુ, સિદીમે અકબર ની હદીસ પેશકરી

આ સાંભળીને અબુલકાસીમે કહયું કે હ.અલી અ.સ. કે જે સય્યદુલ અવસીયા,સય્યદુલ અવલીયા લીવાઉલ હુમ્દનાં હામીલ,ઇન્સાન જીન્નતાનાં ઇમામ જન્નત જહન્નમને વેંચનાર છે. તેમના પર તમે બીજા કોઇને ફઝીલત કેવી રીતે આપી શકો ? તમે જાણો છોકે તેઓ રસુલ સ.નાં ભાઇ છે. જ.બતુલ (સ.અ.) નાં શૌહર છે. શબે હિઝરત રસુલ સ.નાં બિસ્તર પર તેઓ સૂતા હતા. દરેક હાલત રસુલ (સ.અ.વ.) નાં સાથી રહયા છે મસ્જીદની તરફથી દરેક સહાળી નાં દરવાજા બંધ કરાવી દેવામાં આવ્યા પરંતુ મૌલા અલી અ.નાં ઘરનાં દરવાજો ખુલ્લો રાખવામાં આવ્યો રસુલ સ.એ ખાનએ ખુદામાં બૂત તોડવા માટે અલી અ.ને પોતાના ખંભા ઉપર સવાર કર્યા હતા. ખુદાવંદે આલમે મેઅરાજ માં જ.ફાતેમા (સ.અ.) ને અલી અ. નાં નિકાહમાં આપ્યાં

અલી અ.સ. એ જ ઉમર ઇબ્ને અબ્દઉદ નું સર કલમ કર્યુ. ખૈબર ને ફતેહ કર્યો અલી અ. માટે જ સુરજ પાછો ફર્યો. અલી અ.સ. નો એક પળ માટે પણ કુફ્રા થી સંબંધ નથી રહયો જયારે બીજા લોકો પહેલા ગૈર મુસ્લીમ હતા. અલી અ.સ.નાં બારામાં રસુલ સ. એ ફરમાવ્યું ‘‘જે શખ્સ આદમ અ. ને તેના ઇલ્મમાં નુહ અ. ને તેના ફહમ માં મુસા અ.ને તેની હૈબતમાં અને ઇસા અ.ને તેની ઇબાદત માં જોવા ચાહે તો તે અલી અ.સ. જોઇ લે.

બસ આટલી જાહેબ ફઝાએલ અને કમાલાત હોવા છતાં અલી અ. કરતા અબુબક્ર ને અફઝલ સમજવું કેવી રીતે જાએઝ હોય શકે.

અંતે રફીઉદદીને કહયું કે સારૂ આ વાતનો ફેસલો એ શખ્સ ઉપર છોડીએ જે હમણા આ મસ્જીદમાં દાખલ થાય. આપણે તેને પુછીશું તે જે કોઇ કહે તેને આપણે વાંધા વગર સ્વીકારીશું પરંતુ અબુલકાસીમ ની નજદીક આ યોજના યોગ્ય ન હતી, કારબાકે તેઓ જાણતા હતા કે હમાદાન નાં  રહેવાવાળાઓ રફીઉદદીન નાં મહલી વિચારવાળા હશે તેના મઝહબી વિચારવાળા હશે તેના મઝહબ પ્રમાણે નિર્ણય આપશે. પરંતુ તેમણે કરાહત સામે આ વાત ને સ્વીકારી લીધી.

હજુ આ વાત નકકી જ થઇ કે તુરંત જ એક નવયુવાન મસ્જીદમાં આવ્યા. જેમના ચેહરા પરથી જલાલાત અને નઝાબત નાં આસાર દેખાતા હતા. અને સામાન ઉપરથી એમ લાગતું હતું કે તેઓ મુસાફરી કરીને આવ્યા છે.

મસ્જીદમાં દાખલ થયા પછી તેઓ મસ્જીદમાં આંટો માર્યો, પછી આ લોકો

પાસે આવ્યાં ત્યારે રફીઉદદીન ઉઠયા અને તે નવયુવાનને સલામ કરી અને તેઓની સામે સવાલ પેશ કર્યા અને એ શર્તપણ બયાન કરી જે તેઓ વચ્ચે નકકી થઇ હતી, અને પોતાના અકીદાને કહ્યું કે તમે તમારો અકીદો જણાવો, જેથી અમારા ઝગડાતો થઇ જાય.

આ સાંભળીને તે નવયુવાન (ઇ.ઝમાના અ.) એ જવાબમાં બે શેર સંભળાવ્યા. જેમાં તેઓનો ફેંસલો હતો. (ઇમામ અ.નાં) કલામનો તરજુમો એટલે કે મારા મૌલા માટે એમ કહેવુ કે તેઓ બંનેમાં કોણ અફઝલ છે તે ફઝરત ની શાનની વિરૂધ્ધ છે. જેવી રીતે તલવાર અને લાકડીની સરખામણી કરવી અને તેમાં એમ કહેવુ કે તલવારની ધાર લાકડી કરતા ધારદાર છે તે તલવારની ધારને અટબ લગાડવા જેવું છે.

જયારે તે જવાન આ શેર પડી ચુકયા તો અબુલકાસીમ અને રફીઉદદીન અને તેમની ફસાહત અને બલાગત ઉપર અચબિંત થઇ ગયા અને ચાહતા હતા કે તેઓનો હાલ પુછે તો ઓ નજરોથી ગાએબ થઇ ગયા આ અજીબો ગરીબ અમ્ર જોઇને રફીઉદદીન હુસૈને પોતાનો મઝહબ છોડી દીધો, અને મઝહબે શીયા ઇશ્ના અશરી સ્વીકારી લીધો .(ઇ.ઇમામત કિ.૫૫).

પ્રકરણ - ૧૮

કશકુલગમા કિતાબના લેખક મહાન આલીમે દીન અલીબીન ઇસા અરબલી ફરમાવે છે કે મને સય્યદ બાકી બીન અતવા હસની બયન કહે છે કે મારા પિતા ઝૈદી ફિર્કાના હતા, અને એક બિમારીમાં મુખ્તેલા હતાં, જેનાં ઇલાજથી કુટુંબીઓ લાચાર પરેશાન થઇ ગયા હતા. તેમના દિકરા ઓકે જેઓ શીઆ ઇશ્ના અશરી મઝહબ પાળતા હતા.તેઓ તેમના દિકરાઓને કહેતા કે હું તમારા મઝહબ ને તયા સુધી નહીં સ્વીકારો જયાં સુધી તમારા સાહબ એટલે કે હ.હજજત અ. આવીને મને સામે ન કરીહે.

અચાનક એક રાત્રે નમાઝે ઇશાના સમયે અમે બધા ભાઇઓ એક જગ્યાએ ભેગા હતા, કે પિતાજીની અવાજ આવી. તેઓ અમને ફરિયાદ ચીસ પાડવાની કરતા હતા ક. દોડો - દોડો અમે તુરંત જ તેમની પાસે પહોંચી ગયા તો તેમણે કહ્યું કે તમે સાહબ (ઇ.હુજજત અ.) ને જોયા? તેઓ હમણા જ મારી પાસે આવીને ગયા આ સાંભળીને અમે ઝડપથી બહાર નીકળ્યા. આજુ બાજુ જોયું પરંતુ કોઇ દેખાયું નહી ત્યારે અમે ઘરમાં પરત આવ્યાં અને પિતાજીને આ વાકેઆનાં બારામાં પૂછયું

મારા પિતાએ કહયું એક બુઝુર્ગ મારી પાસે આવ્યા અને કહયું અતવા મે પૂછયું તમે કદણ છો? તેમણે કહ્યું કે હું તમારા દિકરાનો ઇમામ છું અને આ બિમારીથી તને નજાત દેવા આવયો છું આટલુ કહીને તેઓએ મારા પર હાથ



ફેરવ્યો અને ચાલ્યા ગયા હવે હું જોઇ રહયો છું કે બિલ્કુલ સાજો થઇ ગયો છું અને કોઇ તકલીફ બાકી નથી.

આ વાકેઆ પછી મારા પિતા ઘણા વર્ષો સુધી જીવતા રહયા તાકાત અને તંદુરસ્તી સાથે જીંદગી પસાર કરી.

કશકુલગમાનાં લેખક છે કે આ પ્રસંગ ખુબજ મશહુર થયો કે જેના તે માણસનાં પુત્ર સિવાય ઘણા બધા લોકોએ મને બયાન કર્યો (ઇરફાને ઇમામત કિસ્સો - ૫૬).

પ્રકરણ - ૧૮

કસ્સાસુલ ઓલમા માં છે કે એક વખત શબે જુમ્આ અલ્લામા હિલ્લી અ.ર. સવારી પર સવાર થઇ ને કરબલાએ મોઅલ્લા તરફ એકલા જઇ રહયા હતા રસ્તામાં કોઇ જગ્યાએ થી એક સાહબ સાથે થઇ ગયા જે વાતો કરતા ચાલી રહયા હતા અને ચાલતા ચાલતા કોઇ ઇલ્મી મસાએલના બારામાં વાતચીત થવા લાગી જેનાથી અલ્લામા ને અંદાજ આવી ગયો કે તેઓ મહાન સાહિબે ઇલ્મ છે ત્યારે અલ્લામા એ મુશ્કીલ મસઅલાઓનાં ઉકેલ તેમ નાથી મેળવ્યા એટલે સુધી કે એક મસઅલામાં અલ્લામા ની રાયથી વિરૂધ્ધ પોતાનો ફતવો આપ્યો જનો અલ્લામા એ ઇન્કાર કર્યો અને કહયું કે તેની સાબિતી માટે કોઇ હદીસ નથી મળતી તે સાહબે ફરમાવ્યું કે એવું નથી. આ મસઅલા બાબતે એક હદીસ કિતાબે તહઝીબમાં શૈખ તુસી (અ.ર.) એ ફલાણા પેજ પર લખી છે.આ જવાબ સાંભળીને અલ્લામા ખૂબ જ નવાઇમાં પડી ગયા અને પૂછયું કે આ ઝમાનામાં હુ.હુજજત અ.ની ઝિયારત થઇ શકે યા નહીં? આટલું કહેતા કહેતા તેમના હાથમાંથી ચાબુક નીચે પડી ગઇ તે સાહેબે ઝુકીને તે ચા બુક ઉઠાવીને અલ્લામાનાં હાથમાં આપતા કહયું કે શા માટે નથી જોઇ શકતા ? જો કે તેમનો હાથ તમારા હાથમાં છે આ સાંભળીને અલ્લામા બેકરારી બેઇખ્તીયાર પોતાના સવારી પર થી ગિરાવી દીધા કે જેથી હઝરત (હુજજત અ.) નાં પ્રવિત્ર પગોને બોસો આપે પરંતુ તેઓ બેહોશ થઇ ગયા જયારે હોશ આવયો તો તેઓ (ઇમામ અ.સ.) ગાએબ થઇ ચુકયા હતા પછી કરબલા એ મોઅલ્લા થી પાછા આવીને કિતાબે તહઝીબ ને જોઇ તો તે હદીસ જેનો હવાલો આપ્યો હતો તેજ પેજ અને તે લાઇનમાં મૌજુદ હતી તેથી અલ્લામાં એ પોતાના હાથથી હાંસીયા પર લખ્યુકે આ તે હદીસ છે જેની ખબર હ.સાહેબલ અમ્ર અ. એ આપી હતી તેનું પેજ અને લાઇનન બતાવી હતી (ઇ.ઇમામત એ.૭૨).

પ્રકરણ - ૧૮

**બસનો પ્રસંગો**

આકા હાજી શૈખ ઈસ્માઈલ નમાઝી મશહદે મુકદસાયે રહેતા હતા. તેનો આ કિસ્સો મશહર છે.

એહલેમશહદનાં ઘણા બધા લોકોએ તેને બયાન કર્યો છે? મે પોતે પણ મદીના એ મુનવ્વરા માં તેમાનાથી આ પ્રસંગે સાંભળ્યો છે.

આકા ઈસ્માઈલ ફરમાવે છે. હું મશહદના લોકો માંથી કેટલાક લોકોનો કાફલો લઈને મકકાએ મોઅઝઝમાની ઝિયારત માટે નીકળ્યો.તે ઝમાનામાં લોકો નજફે અશરફના રસ્તે થી જતા. રણ પ્રદેશ જેમાં પાણી યા વનસ્પતિનું નામો-નિશાન ન હતું. પાકી સડકતો દુર પ એવો કોઈ રસ્તો પણ ન હતો જેમાં કોઈ નિશાની પણ હોય.

ફકત કેટલાક લોકો કે જેઓ રસ્તો જાણતા હતા. તેઓ મખ્સુરત નીશાની ઓની મદદથી રસ્તો શોધી ને માર્ગદર્શન આપતા ખાવા - પીવાની ચીજો અને બસ માટે બળતણ પણ વધારે લઈને જતા, જેથી રસ્તામાં ન રહેવું પડે.

અમે પૂરૂ પાણી અને બસ માટે પરંતુ ડીઝર પ લીધુ હતું અને અમારી બસ માટે અમે બે ડ્રાઈવર પણ સાથે લીધા હતા. અમે ઈત્મીનાન થી મુસાફરી કરી રહયા હતા.

તે બે ડ્રાઈવર માંથી એક આદમી મુન્તકી ન હતો.બનવાજોગ તે દિવસે દિવસ આથમવાની નજદીક હતો. (ગુનેહગાર) ડ્રાઈવર રણની વચ્ચેના કિસ્સામાં ડ્રાઈવીંગ માટે સ્ટીયરીંગ પર બેઠો અમે કહ્યુ રાત પડવા આવી છે આપણે એટલામાં જ કયાંક રોકાઈ જઈએ સવારે આરામ કરીને નીકળીશું પરંતુ તે ડ્રાઈવરે અમારી વાતન સાંભળી અને બસ ચલાવતો રહયો એટલે સુધીકે રાત પડી ગઈ. થોડો સમય સુધી બસ ચલાવ્યા પછી બસ ઉભી રાખી દીધી અને કહેવા લાગ્યો કે મને રસ્તો મળતો નથી અમે બધા બસ માંથી નીચે ઉતરયા રાત તે જગ્યાએ ન પસાર કરી સવારે જાગ્યાતો જોયુ કે બિલ્કુલ રસ્તો મળતો ન હતો એટલે સુધી કે રેતી ઉડીઉડીને બસની ચારેબાજુ ભેગી થઈ ગઈ હતી અને ખબર જ નહોતી પડતી કે અમે કયાંથી આવ્યા છીએ.

મે મુસાફરોને કહયું, બસમાં બેસો અને ડ્રાઈવર ને કહયુકે તું દસ ફરસબ ઉતરમાં દસ ફરસખ દક્ષિણમાં દસ ફરસખ પૂર્વમાં,દસ ફરસખ પ્રષ્ચિમ માં ગાડી ચલાવ જે રસ્તો મળી જાય ડ્રાઈવર આ વાત મંજુર કરી આ રણ પ્રદેશમાં સાંજ સુધી આમતેમ ચાલતા રહયા પરંતુ રસ્તો ન મળ્યો પછી બીજી રાત પણ આ વિરાન રણ પ્રદેશ માં વિતાવી પરંતુ હું ખુબજ પરેશાન હતો.બીજે દિવસે પણ આ જ રીતે ચાલતા રહયા એટલે સુધીકે રાત પડી ગઈ પરંતુ રસ્તાનું કોઈ નિશાન ન મળ્યું આ દરમીયાન ડીઝલ પણ ખલાસ થઈ ગયું.

અને સુરજ ડુબવા લાગ્યો. બસ ઉભી રહી ગઈ કારણકે ડીઝલ ખલાસ થઈ



ચુકયું હતું પાણી પણ ખતમ થવાની તૈયારીમાં હતું આ રાતે અલ્લાહ ત.ની બારગાહ માં રડી રડીને ફરિયાદ કરી. સવાર પડી તો અમે બધા મોતના મોઢામાં હતા એટલા માટે કે પાણી ખતમ થઈ ચુકયું હતું ડીઝલ પણ ખતમ થઈ ગયું હતું રસ્તાની ખબર ન હતી મે મુસાફરોને કહયું

આવો આપણે બધા ભેગા મળીને મન્નત માનીએ કે અગર ખુદાવંદે કરીમે આ રણ પ્રદેશમાં આપણને નજાત આપશે તો આપણે વતન પહોંચીને જે કાંઈ માઈ આપણી પાસે છે તેને રાહેખુદામાં આપી દેશું તમામ મુસાફરોએ કહયું કે અમને કબુલ છે. અને દરેકે પોતાની જાતને અલ્લાહ હવાલે કરી દીધી અને લગભગ સવારે નવ વાગ્યા હતા હવા ગરમ થવાની નજદીક હતી અને અમને યકીન હતું કે પાણી ન હોવાને કારણે કેટલાક મુસાફરો મરી જશે. એટલા માટે હું ખુદજ પરેશાન હતો હું મારી જગ્યાએ ઉભો થયો અને મુસાફરોથી જરા દુર જઈને બેઠો.

અચાનક એક જગ્યા એ મે રેતીની ટેકરી જોઈ હું તે રેતીની ટેકરી ચડીને ટેકરી ની પાછળ જઈને બેસી ગયો. અને રડી રડીને ફરિયાદ કરવા લાગ્યો,યા અબા સાલેહલ મહદી અદૃરીકની,યા સાહેબઝઝમાન અદરીકની,યા હુજજતબ્નલ હસન અદ્રીકની.

મારૂ મોં નીચે તરફ જુકેલુ હતુ. આંસુનાં ટીપા જમીન ર પડી રહતા હતા. અચાનક મને લાગ્યું કે કોઈ ચાલીને આવી રહયુ છે. મે માથુ ઉંચુ કર્યું,તો જોયું કે એક અરબ શખ્સ ઉંટોને દોરીને આવી રહયા હતા, અને ચાહતા હતાંકે તેઓ આરામ કરે.

મે અવાજ આપી આકા અમે રસ્તો ભુલી ગયા છે. અમને રસ્તા સુધી પહોંચાડી દયો.

તેઓએ ઉંટોને બેસાડી દીધા, અને મારી નજદીક આવીને સલામ કરી, મે જવાબ આપ્યો.

મારૂ નામ લઈને કહયું કે પરેશાન ન થાવ. આવો હું તમને રસ્તો બતાવું છું. જુઓ આ તરફ તમે જજો, બે પહાડો પાસે પહોંચી જશો, ત્યારે તે બંને પહાડો વચ્ચે થી પસાર થઈ પછી તમે જમણી તરફ ચાલજો સુરજ આથમવાનાં સમયે તમ. પહોંચી જશો.

મ. કહયું, તો પણ શકય છે કે અમે રસ્તો ભુલી જઈએ અને મે મારી પાસે જે કુર્આને મજીદ હતું તે બહાર કાઢીને તેની કસમ આપતા કહયું કે તમે ખુદ અમારી ।થે આવીને રસ્તો બતાવી જાવને હું એ વાત ભુલીગયોકે તેમણે ઉંટોને બેસાડયા છે. પરંતુ સફર દી કલાકનો હતો તેથી મે ઈસરાર કર્યો અને તેમને કસમ આપી.

તેમણે કહ્યું, ખુબ સારૂ, તમે બધા બસમાં બેસી જાવ અને જે ડ્રાઇવર પરહેઝાર હતો, તેને કહયુ કે તું ડ્રાઇવીંગ કર એક સીટ ડ્રાઇવરની હતી. બાજુની સીટ પર હું અને તે બેસી ગયા હવે અમે એટેલા ખુશહાલ હતા કે કોઇનાં દિમાગ માં એ વાત ન આવી કે બસમાં બળતણ ન હતુ. બસમાં ડીઝલ તો રાતથી ખલાસ થઇ ગયું હતુ.

બે કલાકનો રસ્તો કપાયો હતો. ત્યારે તેમણે ડ્રાઇવર ને કહ્યું કે બસ રોકો,નમાઝે ઝોહરનો સમય થઇ ગયો છે. નમાઝ પઢી લઇએ, પછી ચાલીશુ.

બધા નીચે ઉતર્યા. નજદીકમાં જ પાણીનું ઝરણું વહેતુ હતું. તેમણે વુઝુ કર્યું અને અમે બધા પણ વુઝુ કર્યા. તેઓ એક તરફ નમાઝ પઢવામાં મરગુલ થઇ ગયા અને મને મુસાફરો સાથે નમાઝ પઢવા કહ્યું. અમે નમાઝ પઢી લીધી અને હાથ મોં ધોઇ લીધું પછી તેમણે કહયુ કે જલ્દીથી બસમાં બેસી જાવ હજી આપણે ઘણુ અંતર કાપવાનું બાકી છે. અમે બસમાં બેસી ગયા થોડી વાર થઇ ત્યાં બે પહાડ આવ્યા. જેનું તેઓએ કહ્યું હતું અને પહાડની વચ્ચેથી અમે પસાર થયા. પછી જમણી બાજુ વળ્યાં. સુરજ ડુબવાની તૈયારીમાં હતો ત્યારે અમે મૂળ રસ્તા સુધી પહોંચી ગયા રસ્તામાં તેમણે અમારી સાથે ફારસી (ઈરાનની ભાશામાં વાત કરી). મશ્હદે મુકદ્દસના આલીમોના બારામાં પૂછયું તેમાથી અમુક આલીમોના વખાણ કર્યા અને ફરમાવ્યું કે ફલાં આલીમ સારા અખ્લાકનાં માલિક છે.

આખરે જયારે અમે સડક પર પહોંચ્યા તો બધા ખુશ થઇને બસ માંથી ઉતર્યા મેં બધા મુસાફરોને ભેગા કરીને કહ્યું કે તેમની પાસે જે કોઇ હોય તે મને આપેકે જેથી તે અરબી માણસને આપુ કે જેમણે ખુબજ તકલીફ ઉપાડી. પોતાના ઉંટોને રણમાં બેસાડીને આપણી સાથે આવ્યાં.

અચાનક મુસાફરો જાણે હોશમાં આવ્યાં અને કહ્યું ખરેખર આ ઇન્સાન કોણ હતા. અને તેઓ હવે કઇ રીતે પાછા જશે?. બીજા એ કહ્યુંકે તે વિરાન રણમાં ઉંટ કોને સાંપ્યા હશે?.

ત્રીજાએ કહ્યું કે આપણી બસમાં ડીઝલ તો ન હતું અને સવારથી સાંજ સુધી કંઇ રીતે પહોંચ્યા.

ખુલાસો એ કે અમે બધા પરેશાન હાલતમાં તે અરબ માણસની પાછળ દોડયાં, પરંતુ અમે તેમને ન જોયા. તેઓ ગાએબ થઇ ચુકયાં હતાં.તે સમયે અમને સમજાયું કે એક દિવસ હ.ઇમામે આખે ઝમાન (અ.સ.) (ઇ.ઝમાના અ.) આપણી સાથે રહયાં પરંતુ આપણે તેમને ઓળખી ન શકયા.

(મુલાકાત ઇ.ઝમાન ઇ.૧ /પેજ ૬૧ થી ૬૬).

પ્રકરણ -૧૯



દુઆએ અલાવી મિસ્રીની તાલીમ

ઇબ્ને તાઉસ અ.એ. કિતાબ મોહજાુદ દાવતમાં આ રિવાયત લખી છે. મોહમ્મદ ઇબ્ને અલી અલાવી હુસૈની (મીસ્રનારહેવાસી) લખે છે કે હું મિસ્રનાં બાદશાહનાં હુકમ ના બાબતમાં એવો ફસાઇ ગયો કે મારે મૌતનાં ભયથી ભાગવું પડવું બાદશાહ મારી જાનના દુશ્મન થઇ ગયો સૌથી પહેલા હજના ઇરાદાથી હેઝાઝ આવ્યો. ત્યાંથી ઇરાક ગયો કે જેથી સય્યદુશ્શોહદા અ.સ.ના રોઝા- મુબારક માં પનાહ લઉ. ૧૫ દિવસ કરબલા માં રહયો. રાત દિવસ મે ફફડાટ માં પસાર કર્યા.

સ્વપનમાં એક બુઝુર્ગને જોયા, તેમણે કહ્યું કે ઇ.હુસૈન અ. તારાથી કહે છે કે નું તે નાથી ડરી ગયો. મે કહ્યું તે મને કત્લ કરવા માટે તૈયાર થયો છે તેથી હું મારી ફરિયાદ મૌલાની બારગાહમાં લઇને આવ્યો છું. હઝરતે ફરમાવ્યું કે તુ તે દુઆ કે નથી પઢતો કે જે અગાઉના પયગંબરો પઢતા હતા, અને ખુદાવંદે આલમે તેમની મુસીબતો દ્રર કરી હતી. મે પૂછયું શું પઢુ ? તેમણે ફરમાવ્યું કે શબે જુમ્મા ગુસ્લ કરીને નમાઝે શબ પઢો. જયારે સજદએ શુક્ર કરી લો પછી ઘુંટણભર પગ જમીન પર લગાવી ને બેસી જાવે અને આ દુઆ પઢો. અને હઝરતે દુઆ બતાવી આજ રીતે પાંચ રાત્ર સુધી તે હઝરત તશરીફ લાવતા અને મને દુઆ મને યાદ થઇ ગઇ.

શબે જુમ્આનાં ગુસ્લ કરી કપડા બદલ્યા અત્તર લગાડયું. નમાઝ (શબ) પઢી. સજદાએ શુક્ર બજાવી લાવ્યો અને હઝરત તાલીમ ફરમાવેલી દુઆ પઢીને અલ્લાહ ની બારગાહમાં દુઆ કરી શનિવાર ની રાત્રે ફરી તે હઝરત તશરીફ લાવ્યા અને કહ્યું કે અય મોહમ્મદ ! તમારી દુઆ કબુલ થઇ ગઇ અને તમે દુઆ પઢી લીધી પછી તમારો દુશ્મન મરી ગયો.

આ ખુશખબર સાંભળીને હું મિસ્ર તરફ રવાના થયો. રસ્તામાં મને મારા એક પડોશી મોઅમીન ની મુલાકાત થઇ અને જાણવા મળ્યું કે શબે જુમ્મા જ તેનું સર કત્લ કરવામાં આવ્યું અને તેનો એ જ હાલ થયો જે હઝરતે બતાવ્યો હતો.

આ દુઆ દુઆએ અલાવી મિસ્રીના નામથી મશહુર છે. સહીફએ મહદીયા અને અન્ય દુઆની કિતાબોમાં આ દુઆ મૌજુદ છે.(ઇમામત કિસ્સો.૬૯).

પ્રકરણ - ૨૦

બીમારી થી શીફા માટેની દુઆ.

આલીમે દીન શૈખ ઇબ્રાહીમ કફઅમી એ કિતાબ બલાદુલ અમીનમાં લખ્યું છે કે આ દુઆ હ.હુજજત અ. થી મનકુલ છે. જે શખ્સ આ દુઆને એક નવા વાસણ પર ખાકે શિફા થી લખે અને ધોઇને પી જાય તો પોતાની બિમારીથી

શિફા મેળવશે.
કરબલાનાં મુજાવરે પોતાની બિમારીની શિકાયત કરી, તેના માટે હઝરતે આ દુઆ લખીને ધોઇ ને પીવાનો હુકમ આપ્યો. તે પ્રમાણે કરવાથી તે સમયથી તંદુરસ્ત થઇ ગયો.
દુઆ.

ગુજરાતીમાં :- **બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.**
**બીસ્મીલ્લાહે દવાઅુન, વલ્હમ્દોલીલ્લાહે શેફાઅુન,વ લાએલાહા ઇલ્લાહો કેફાઅુન, હોવશ્શાફી શેફાઅુન, વહોવલ્કાફી કેફાઅુન, ઇઝહબીલ બાઅસે બેરબ્બીન્નાસે, શેફાઅુન લાયોગાદેરોહુ સુકમુન,વ સલ્લાહો અલા મોહમ્મદીવ વઆલેહીન્નોજબાઅ.**
**(ઇરફાને ઇમામત ક્સ્સિો.૬૫).**

પ્રકરણ - ૨૧

ઇબ્ને તાઉસ અ.ર. એ મોહજુદ દાઅવાત નાં અંતમાં દુઆએ ઇબરાતના બારામાં ફરમાવ્યું કે મારા બિરાદરે દોસ્ત સૈ.રજીય્યુદ્દીન મોહમ્મદ ઇબ્ને મોહમ્મદ કાઝી આવીને અજીબો - ગરીબ કિસ્સો બયાન કર્યો કે તે એક મુસીબતમાં ફસાઇ ગયા હતા. તે ઝમાનામાં તેમણે પોતાની કિતાબમાં કેટલાક પાના રાખેલા હતા. જેમાં આ દુઆ લખેલી હતી. જયારે આ દુઆને નકલ કરવામાં આવી તો અસલ ગાએબ થઇ ગઇ.
તેની વિગત નજમુસ્સાકીબમાં આ પ્રમાણે છે.
તેમણે હ.હુજજત અ.સ.ને સ્વપન માં જોયા તેમણે રડી રડીને કહયું કે મૌલા તમે મને આ ઝાલીમોનાં ઝુલ્મથી છુટકારો અપાવો. હઝરતે ફરમાવ્યું કે દુઆએ ઇબરાત પઢો.તેમણે પૂછયું આ કંઇ દુઆ છે? ફરમાવ્યું કે તમારી મીસ્બાહમાં છે. મે કહયું તેમાં તો નથી ફરમાવ્યું કે તમે જુઓ તેમાં મળી જશે. જયારે હું સ્વપન માંથી જાગૃત થયો નમાઝે સુબ્હ પઢી પછી મીસ્બાહ (કિતાબ) ખોલી તો કિતાબ ની વચ્ચે કેટલાક પેજ રાખેલા હતા. જેના પર આ દુઆ લખેલી હતી. મે તે દુઆ ચાલીસ વખત પઢી.પરિણામ એ આવ્યું કે હું જે હાકીમ ની કેદમાં હતો, તેની પત્નીને સ્વપનમાં અમીરૂલ મોઅમીન (અ.સ.) આવીને



કહયું કે તારા શૌહર મારા દિકરાન. પકડીને તેનું ખાવા પીવાનું તંગ કરી દીધું છે. તુ તેને કહીદે કે અગર તે મારા દિકરાને છોડશે નહીં તો સારૂ ઘર વિરાન થઇ જશે. ત્યાર પછી મોહમ્મદ આવીને ઇઝઝત પૂર્વક છોડી દેવામાં આવ્યા દુઆએ ઇબરાત સહીફે મહદીય્યાહ માં છે.(ઇરફાન ઇમામત કીસ્સો.૭૦).

પ્રકરણ-૨૨

**દુનિયાની સૌથી મઝલુમ વ્યક્તિ**

અફસોસ છે કે આજે ઘણી બધી મઝહબી બેઠકો મજલીસોમાં ઇ.ઝમાના અ.ની યાદ અને તેમનાં જલ્દી ઝુહુર માટે દુઆ કરવામાં ગફલત દાખવવામાં આવે છે. આપ હઝરત (અ.ત.ફ.શ) કાએનાત નાં સૌથી મઝલુમ શખ્સીયત છે. આપણે એક પ્રસંગ જોઇએ.
હુજજતુલ ઇસ્લામ વલ મુસલેમીન મ. આકા સૈયદ ઇસ્માઇલ શરફી બયાન કરે છે. હું ઝિયારત માટે કરબલા ગયો. અને સૈય્યદશ્શોહદા ઇ.હુસૈન (અ.સ.) ની ઝિયારત માં મશ્ગુલ હતો, કારણ કે ઇ.હુસૈન (અ.સ.) ના કબ્રનાં સરહાને દુઆ કબુલ થાય છે. એટલા માટે આ જગ્યાએ મે પરવરદિગારે આલમ થી દુઆ કરી કે હ.મહદીઅ. નાં દીદાર થી મુશરરફ કર હું ઝિયારત પડવામાં મશ્ગુલ હતો. અચાનક મે એક બુઝુર્ગવારને જોયા તે સમયે હું હ.હુજજત અ. ને ઓળખી ન શકયો. હું મોહબ્બત થી તેમના તરફ ખેંચાયો અને સલામ કરીને પછીજો સવાલ કર્યો કે આપ કોણ છો? તેમણે જ્વાબ આપ્યો કે દુનિયાં સૌથી મઝલુમ શખ્સ છું
મારૂ ધ્યાન ન ગયું. હું મારી જાતને કહેવા લાગ્યો કે શાયદ તેઓ નજફનાં બુઝુર્ગ આલી મોથી એક આલીમ લાગે છે. અને લોકો તેમના તરફ રાગીબ નહીં હોય એટલે કદાચ તેઓ પોતાને મઝલુમ કરી રહયા હશે. પરંતુ જયારે મે બાજુમાં જોયું, તો કઇ ન હતું.
હવે મને ખ્યાલ આવ્યોકે આલમે દુનિયામાં ઇ.ઝમાના (અ.ત.ફ.શ) થી વધારે મઝલુમ કોણ હોય મે આપ (અ.જ) ની ઝિયારતની નેઅમત બહું જલ્દી ગુમાવી દીધી (સહીફએ મહદીય્યાહ પેજ.૬૨ ઉર્દુ)

પ્રકરણ - ૨૩

**મેરા દિલ ખૂન હૈ.**

હુજજતુલ ઇસ્લામ આલીમ રબ્બાની મરહુમ શૈખ જઅફર જવાદીથી નકલ કરે છે કે આપને ઇ.ઝમાન અ. ની ઝિયારત નસીબ થઇ અને આપ (ઇ.હુજજત) અ.સ. ને ખુબ ગમગીન જોયા. આપ (અ.સ.) ને ખબર પૂછયા તો આપે ફરમાવ્યું કે મારૂ દિલ ખૂન છે. (દિલ-ખુન ખુન થઇ રહયુ છે. ખુબ જ દુઃખી) મૈરા દીલ ખુન હૈ. (સહીફએ મહદીય્યાહ પેજ - ૬૩ ઉર્દુ).

પ્રકરણ - ૨૪

**ઈ.ઝમાના અ.ના બારામાં વધુ બયાન કરો અને લખો.**

ઈ.હસન અસ્કરી (અ.સ.) એ કુમમાં એક આલીમે દીનને સ્વપન માં ફરમાવ્યું

અમારા મહદી તેના ઝમાનામાં મઝલુમ છે. જયાં સુધી થઇ શકે મહદી (ઈ.ઝમાના અ.) ના બારામાં વાત કરો, પેનથી લખો અને જેઆ મઅસુમ શખ્સીયતનાં બારામાં બયાન કરે તો તે એવું છે કે તમામ મઅસુમ (અ.મુ.સ) નાં બારામાં બયાન કર્યુ કારણકે

આ ઝમાનો ઈ.મહદી (અ.સ.) નો સમય છે. આપના બારામાં બયાન કરવામાં આવે અને આખીરમાં ફરમાવ્યું કે હું તમને તાકીદ કરૂ છું કે હ.મહદી (અ.સ.) નાં બારામાં વધારે બયાન કરો અને લખો. હમારે મહદી (અ.સ.) મઝલુમ છે. (દોસ્તાને વિલાયત વો.૨ પેજ.૧૮) (સહીફઅ. મહદીય્યાહ પેજ.૬૩ ઉર્દુ).

પ્રકરણ - ૨૫

**લકવાનાં રોગથી મુકિત મળી........**

નજમુસ્સાકીબમાં છે. કે હિલ્લામાં મૌલાના મોઅઝ્ઝમ જ.માલુદીન ઈબ્ને શેખ ફકીહ કારી નજમુદ્દીન જાફર લકવા (પેરાલીસીસ) નાં રોગમાં એવા ફસાઈ ગયાકે પોતાની જગ્યાએ ઉભા પણ નહોતા થઇ શકતા. તેમના દાદીમાં એ પિતાના ઇન્તેકાલ પછી ઘણી જાતના ઈલાજ કર્યા પરંતુ કાંઇ ફાયદો ન થયોફ ત્યારે તેમની દાદીએ કહયું કે આમને કુબ્બાએ શરીફા હ.સાહેબુલ અમ્ર (અ.) પર લઇ જઈએ જે હિલ્લામાં છે. કદાચ ખુદાવંદે આલમ આ મુસીબતમાંથી છુટકારો આપે. એટલે તેમની દાદી તેમને ત્યાં લઇ ગયાં અને ત્યાં સુવરાવી દીધા તેઓ પોત. ફરમાવે છે. હઝરત (ઈ.ઝમાના અ.) આવ્યા અને ફરમાવ્યું હુલ્મે ખુદા ઉભા થાવ અને તેમણે મને પકડીને ઉભો કરી દીધો ત્યારે મે મારી જાતને જોઇ તો શરીર માંથી તમામ બિમારી ચાલી ગઇ હતી અને લકવાની કોઇ અસર ન હતી (ઇ.ઇમામત કિસ્સો. ૮૫).

પ્રકરણ -૨૬

**બોલવાની સાંભળવાની શકિત પાછી મળી.**

જન્નતુલમઆવામાં છે કે એક વેપારી સાહેબ જેનું નામ આગા મોહમ્મદ મહદી હતું જેના પિતા શિરાઝના રહેવાસી હતા. પરંતુ તેઓ અર્મામાં પૈદા થયા અને ત્યાંજ ભણ્યા મોટા થયા હિ.અ.૧૨૯૯ ના જ.અવ્વલ મહીનામાં તેઓ કાઝમૈન ગયા. આવાતનાં ત્રણ વર્ષ અગાઉ તેઓ એવી બિમારીમાં ફસાય ગયા કે તેમની સાંભળવાની બોલવાની શકિત ચાલી ગઇ. તેઓ બિલકુલ મુંગા અને બહેરા થઇ ગયા. આથી તેઓ શિફા મેળવવા માટે અઈમ્મા (અ.મુ.સ.) ની



બારર્ગાહમાં ઈરાકમાં આવ્યાં. કાઝમૈનમાં કેટલા વેપારી ઓ તેમના જાણીતા સંબંધી હતા. એટલે તેઓ ત્યાં ગયા કે ૨૦ દિવસ ત્યાં રહયા પછી તેઓ સામરાહ ગયા ૧૦ જ.આખર તે શુક્રવારે નમાઝે જુમ્આ પઢી પછી સરદાબે મુકદ્દસમાં હાજર થયા. ખુબ જ રોયા હાજર લોકોથી પણ શિફા માટે દુઆ કરવાનું કહેતા હતા આ રડવા પીટવા અને બેકરારીની હાલતમાં ખુદાવંદે આલમે ઝબાન ખડેલી દીધી અને કાન પણ ખુલ્લી ગયા. અને હ.હુજજત અ.ના મોઅજીઝાથી એવી રીતે બહાર નીકળ્યા કે સ્પષ્ટ અને ઝડપ થી વાત  કરી રહયા હતા. આ મોજીઝા થી લોકો અજવા થઇ ગયા.

શનિવારે શરીઅતના તાજ શૈખુલઓલમા શીઆ મીઝા મો.હસન શીરાઝ સાહેબની ખિદમતમાં મસ્જીદમાં તેમને લાવવામાં આવ્યા. ત્યાં તેમણે પૂરી તંદુરસ્તી થી સુ.હમ્દની તિલાવત કરી. જેથી તમામ હાઝેરીનને યકીન થઇ ગયું કે તેઓ સાજા થઇ ગયા છે.

(ઈ.ઈમામત કિસ્સો-૮૯).

પ્રકરણ - ૨૭

કિ.સુબુને અઝાદારી લે. આય મોહમ્મદઅલી નજવાની પ્રકાશક : હૈદરી કુતુબખાના.

મઝહબે શીઆના બેનમુન આલિમ શૈખે મુફીદ અ.ર. એકવાર તેમના નિયમ મુજબ ઈ.મુસા કાઝિમ (અ.સ.) ના રોઝા મુબારક માં વિદ્યાર્થી ઓને દર્સ આપી રહ્યા હતા. તેમના વિદ્યાર્થીઓ માં સૈયદ રઝી (નહજુલ બલાગાહ ના સંકલન હર્તા) તથા સૈ.મુર્તઝા હાજર હતા. દર્સ દરમ્યાન આ હદીસે કુદસી ની ચર્ચા થઇ કે, જે કોઇ સૈયદુશ્શોહદા - નવાસા-એ-રસુલ પર રડે, અથવા બીજાને રડાવે અથવા રોવા જેવી સુરત બનાવે તો તેના પર જન્નત વાજીબ છે. દર્સ ખત્મ થયો. તમામ વિદ્યાર્થીઓ સંતુષ્ટ હતા. ત્યાથીં પરત ફરતા રસ્તામાં શેખે મુફીદ ને એક વિચાર આવે છે. (જે હકીકત માં વસવસો હતો) કે, એ કઇ રીતે શકય છે કે ફકત રડવાથી જન્નત વાજીબ થઇ જાયલ્ પછી તેમને તેમના આ શક પર પસ્તાવો થયો કે આ રીતનો વિચાર આવવો તે નબળા ઈમાનની નિશાની છે. પુરી રાત રડતા રહ્યા. આલિમ હતા- જાણતા હતા કે દીન - દુનિયાના મુશ્કેલ પ્રશ્નો માં ઝમાનાના ઈમામ તરફ રજુ થવુ જોઇએ. તેમણે નકકી કર્યુ કે મસ્જિદે સહેલા જઈને હ.વલીએ અસ્ર (અ.સ.) ની મુલાકાતનો અમલ કરૂ અને આ પ્રશ્નો તેમની સામે રજુ કરૂ જેથી ઈમાન મજબુત થાય.

તેથી તેઓ મસ્જિદે સહલા ગયા ખુબ જ મસ્રૂક અને મશ્ગુલ રહ્યા અમલ ની મુદ્દત ખત્મ થઈ, પરંતુ ઈમામની મુલાકાત થી મહરૂમ રહ્યા. હવે તકલીફ બેવાડાઇ ગઈ, પહેલા એક શક હતો હવે ઈમામની મુલાકાત સંબંધી બીજો શક ઉભલ થો . શેખ મુફીદ પરેશાન હાલમાં મસ્જિદે સહેલાથી કાઝમૈન જવા

નીકળ્યા. રસ્તામાં તેઓએ એક ખુબ સુરત અરબ ને જોયા. તેઓ શેખની નઝદીક આવ્યા, સલામ કરી ખબર -અંતર પુછયા પછી કયું '' અય શેખ કંઇ ચિંતાંમાં જણાઓ છો. શું વાત છે.?.

શેખ- કોઇ એવી વાત નથી. અને છે તો પણ આપને જણાવવાથી કઇ ફાયદો નથી.

અરબ- સુબ્હાનલ્લાહ ! આ કોઇ વાત ન થઇ. અગર ઇન્સાન કોશિષ કરે અને તેમાં ખુદાની તવફીક શામિલ થાય તો. કામ્યાબી ચોકકસ છે.

શેખના દિલ પર એક ખાસ અસર થઇ. તેમણે તેમના બન્ને પ્રશ્નનો વિગતવાર જણાવ્યા. તે અબર આ સાંભળી મુસ્કુરાવા લાગ્યા અને કહ્યું અય શેખ! આ કંઇ મુશ્કેલ પ્રશ્ન છે?ં આપથી એક વાત જાણવા મંગું છું. જો આપે સાચો જવાબ આપ્યો તો આ પ્રશ્ન આપમેળે હલ થઇ જશે. આમ કહી અરબે પોતાની વાત શરૂ કરી.

એક બાદશાહ શિકાર કરવા જાય છે. સાથે આમુક સાથીદારો છે. સામે એક હરણ નજરે પડે છે. બાદશાહ હરણ ની પાછળ દોડો દોડાવે છે. ત્યાં તો કરણ દેખાતું બંધ જાય છે. અને બાદશાહ સાથી ઓથી પણ જુદા થઇ જાય છે. તરસના લીધે બેચૈન થઇ જાય છે. પાણીની શોધમાં ચારો તરફ જાય છે. એક બાજુ ઘોડો દોડાવ્યો તો એક કાળી ઝુપડી નજરે પડી બાદશાહે ઝુપડીમાં જોયું તો એક ઝઇફા કામ કરી રહી હતી બાદશાહે સલામ કરી અને ક્યું માજી! હું એક મુસાફિર છું અને તરસથી જીવ ગુમાવી દઇશ શું મને થોડું પાણી મળી શકે ?.

મહેમાન નવાઝ ઝઇફાના ઘરમાં પાણીનું ટીપુ પણ ન હતું પણ પાણી નો સવાલ સાંભળી શકી ઘરે શોહર ન હતો. ઘરમાં એક માત્ર બકરી હતી તેનું દુધ દોહી ને બાદશાહ ને પીવા માટે આપ્યુ. બાદશાહ તૃપ્ત થઇ ગયો. શુક્ર ખુદા કર્યા અને વૃઘ્ધા ને દુઆ આપી. ત્યાં બેસી ને તેના સાથી ઓની રાહ જોવા લાગ્યો. થોડીવાર થઇ તો બાદશાહ ને ભુખ લાગી બાદશાહે ફરી વૃઘ્ધાને સવાલ કર્યો ઘરમાં ખાવા માટે કોઇ ચીજ ન હતી પણ વૃઘ્ધાએ બકરીને ઝબહ કરી, તેનું ગોશ્ત ભુંજી ને બાદશાહને પોરસ્યુ. બાદશાહે ખાધુ. એવામાં વૃઘ્ધા નો શોહર પણ આવી ગયો બકરીને ન જોઇ ને તેણે ઝઇફીને પુછયું ઝઇફા એ પુરો બનાવ કહી સાંભળાવ્યો શૌહરે કહ્યું ''બદલખ્ત! એક બકરી તો આપણાં બચ્ચાની જીંદગી નો સહારો હતી. હવે બતાવ કે તેની જીંદગી કઇ રીતે વીતાશે. આપણી તો સમગ્ર દુનિયા આ બકરી જ હતી.

બાદશાહ આ વાત સાંભળી રહ્યો હતો કે ત્યાં બાદશાહનાં સાથીઓ આવી પહોંચ્યા બાદશાહે હુકમ કર્યો કે આ બન્ને પતિ - પત્નિને સાથે લઇ લો. પછી તમામ રવાના થયા. બદશાહે તમામ વઝીરોને બોલાવી મશ્વેરો કર્યો કે શું



ઇનામ આપવુ જોઇએ? એક વઝીરે કીધુ કે એક બકરીની સામે સો બકરી આપી દો બીજા એ થોડો વધારો કર્યો ત્રીજાએ કીધુ કે આપણ તેના એહસાનનો બદલો નથી છે વટે બાદશાહે કહયું જો હું આ બન્ને ને મારી પરી સલ્તનત આપી દઉં તો પણ તે એહસાનનો બદલો નથી થઇ શકતો કેમ કે એહસાનનો બદલો એહસાન સિવાય કશો નથી હોઇ શકતો.

આ કિસ્સો સંભળાવી અરબે શેખ મુફીદે ને કહ્યું અય શેખ! તમે બતાવો કે બાદશાહનો ફેસલો સહીહ હતોકે વઝીરરોનો ?.

શેખ મુફીદે કહયું બાદશાદ નો ફેસલો સહીહ હતો કારણ કે પુરી કાએનાતનો બદલો પુરી કાએનાત જ હોઇ શકે. બલ્કે તે પણ ઓછું છે. કારણ કે બાદશાહ જરૂરતમંદ હતો દૂધ અને ગાશ્ત ન મળત તો જાન ગુમાવત આ બન્ને જરૂરતમંદ તથી પુરી કાએનાત ન મળે તો પણ શું ફર્ક પડે છે.?.

અરબે કહ્યું અય શેખા! હવે શા માટે પરેશાન છો અને હુસૈના ઇખ્તિયારાત માં શા માટે શક કરો છો? જેણે કરબલામાં પોતાની પુરી કાએનાત ખાલિકેદો આલમ ના માટે લુંટાવી દીદુ હોય હવે બન્ને જહાન નો પરવરદિગાર પોતાના બન્ને જહાન હુસૈન ને આપી દે તો શકતો શું સવાલ છે.? હુસૈન હવે જેને ચાહે જન્નત આપી દે. તેઓ જન્નત ના જવાનો ની સરદાર છે.

અય શેખ ! બીજો શક પણ કાઢી નાંખો કે ઝિયારતે ઇમામે ઝમાના (અ.ત.ફ.શ) ન થઇ આમ કહી અરબ આગળ વધ્ફા અને શેખ મુફીદે ફરી ને જોયુ તો કોઇ નજરે ન પડયુ.

શેખ ખુબજ ખુશ થયા કે ઝિયારતે ઇમામ પણ થઇ ગઇ અને પ્રશ્નો જવાબ પણ મળી ગયો.

لتفريج الهموم و الغموم

يَا نُورَ النُّورِ، يَا مُدَبِّرَ الْأُمُورِ، يَا بَاعِثَ مَنْ فِي الْقُبُورِ،
صَلِّ عَلىٰ مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَاجْعَلْ لِي وَ لِشِيعَتِي
مِنَ الضِّيقِ فَرَجاً وَ مِنَ الْهَمِّ مَخْرَجاً، وَ أَوْسِعْ لَنَا الْمَنْهَجَ،
وَأَطْلِقْ لَنَا مِنْ عِنْدِكَ مَا يُفَرِّجُ، وَافْعَلْ بِنَا مَا أَنْتَ أَهْلُهُ يَا
كَرِيمُ.

પ્રકરણ - ૨૮

ઈ.ઝમાના અ. સાથે મહશુર થવાની દુઆ.

રિવાયતમાં છે કે અગર કોઇ આ દુઆને પોતાની દુઆમાં શામીલ કરી રેગ્યુલર પડે તો ઈ.ઝમાના અ. સાથે મહશુર થશે.

يا مَنْ إذا تَضايَقَتِ الاُمُورُ فَتَحَ لَها باباً لَمْ تَذْهَبْ إلَيْهِ الأوْهامُ ، صَلِّ عَلىٰ مُحَمَّدٍ وَآلِ مُحَمَّدٍ ، وَافْتَحْ لِاُمُورِي الْمُتَضايِقَةِ باباً لَمْ يَذْهَبْ إلَيْهِ وَهْمٌ يا أرْحَمَ الرّاحِمِينَ.(١)

بسم الله الرحمن الرحيم

ગુજરાતીમાં :-બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.

યા નુરન્નુરે, યા મોદબ્બે રલ્ઓમુરે યા બાએસ મનફીલ કોબુરે,સલેઅલા મોહમ્મદીવ વજઅહ્લી વલે શીઅતી મેનઝઝીકે ફરજન વમેનલ હમ્મે મખ્રજન, વઅવસેઅ લન્લમનહજ, વઅતલીક લના મીન ઓન્દેક મા ચોફરરેજો, વફ્અલ બેના મા અન્ત અહલોહુ યા કરીમો. (મુન્તખબુલ અસર પેજ.પ૨૧).

પ્રકરણ - ૨૯

મુશ્કેલી દુરથવા અને હાજત પુરી થવાની દુઆ

મુશ્કેલી દુરથવા માટેની ઈમામ અ.સ. મે ફરમાવેલી દુઆ જે નમાઝે પંજગાના પછી પઢે. હાજત પુરી થવા માટે પણ આ દુઆ પઢે.

بسم الله الرحمن الرحيم



ગુજરાતીમાં :-બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.

યા મન એઝા તઝાયકતિલ ઓમુરો ફતહ લહા બાબન લમ તઝહબ એલ્યહીલ્અવ્હામો, સલ્લેહઆ મોહમ્મદીવ વઆલે મોહમ્મદીન, વફતહ લેઓમુરીલ મોતઝાયેકતે બાબન લમ યઝહબ એલ્યહે વહમુન યા અરહમર રાહેમીન. (તોહફતુલ રીઝવીય્યા પેજ.૧૧૪).

પ્રકરણ - ૩૦

સૈયદ રઝીઉદ્દીન અલી ઈબ્ને તાઉસ (અ.ર.) પોતાની કિતાબ ''ફરાઝુલ હુમૂમ'' માં

અબીલ હસુયન બીન અલી બુગ્લ થી આ અનાવ લખે છે.

એક ઝમાનામાં મારી અને અબુમ્નસૂર ઈબ્ને સાલેહાની વચ્ચે એવો ઝઘડો થયો કે મારે છુપાવું પડયું અને દુઆ અને સવાલ માટે હું કાઝમૈન આવ્યો. શબે જુમ્આ હતી. અને મારો ઈરાદો હતો કે રાત ઈ.મુસા કાઝીમ અ.ના રોઝામાં પસાર કરૂ. જેના માટે મે ત્યાનાં મુંજાવર ને કહયુ કે મારી ઇચ્છા છે કે એકાંત માં રોઝામાં દુઆમાં રાત પસાર કરૂ. તું રોઝા- મુબારકનાં દરવાજો બંધ કરી દેજે. જેથી હું એકાંતમાં દુઆ કરી શકુ. અને દુશ્મન માંથી કોઇ આવી ન શકે જેનાથી મને જાનનો ખતરો હતો. મુંજાવરે વ્યવસ્થા કરી આપી વરસાદ જોરથી વરસી રહયો હતો. તેથી ઝવ્વારોની અવર - જવર પણ બંધ થઇ ગઇ.

અડધી રાત પસાર થઇ ચૂકી હતી, અને હું નમાઝ, ઝિયારત, દુઆમાં મશ્ગુલ હતો કે ઝરીઅ-મુબારક તરફથી અવાજ સાંભળી કે એક સાહબ ઝિયારત પડી રહયા છે. તઓએ અંબીયા ઉલુલ અઝમ અને અઈમ્મા અ. પર નામ લઇને સલામ કરી પરંતુ બારમા ઇમામનું નામ ન લીધુ. મને નવાઇ લાગી અને ખ્યાલ આવ્યો કે કદાચ તેઓ ભૂલી ગયા હશે અથવાહઝરતને નહીં ઓળખતા હોય અથવા તેનો મઝહબ જ આ હશે.

જયારે તેઓ ઝિયારત નમાઝ પઢી લીધી. તો મે જોયું કે તેઓ નવયુવાન છે. સફેદ કપડા પહેરયા છે. માથા પર અમાસો અને ખાયા પર રીદા ઓઢી છે. તેમને જોઇને હું ડરી ગયો તો તેઓએ ફરમાવ્યું અય અબુલહસન ! તમે દુઆએ ફરઝ પઢવા શા માટે દૂર રહો છો ? મે કહયું કે અય મારા સરદાર તે કઇ દુઆ છે. તો તેઓએ કહયુ કે બે રકાત નમાઝ પઢીને આ દુઆ પઢો.

يٰا مَنْ اَظْهَرَ الْجَميلَ وَ سَتَرَ الْقَبيحَ، يٰا مَنْ لَمْ يُؤٰاخِذْ بِالْجَريرَةِ، وَلَمْ يَهْتِكِ السِّتْرَ، يٰا عَظيمَ الْمَنِّ، يٰاكَريمَ الصَّفْحِ يٰا حَسَنَ التَّجٰاوُزِ، يٰا وٰاسِعَ الْمَغْفِرَةِ، يٰا بٰاسِطَ الْيَدَيْنِ بِالرَّحْمَةِ، يٰا مُنْتَهىٰ كُلِّ نَجْوىٰ، يٰا غٰايَةَ كُلِّ شَكْوىٰ، يٰا عَوْنَ كُلِّ مُسْتَعينٍ، يٰا مُبْتَدِئاً بِالنِّعَمِ قَبْلَ اسْتِحْقٰاقِهٰا.

يٰا رَبّٰاهُ ـ عشر مرّات، يٰا سَيِّدٰاهُ ـ عشر مرّات، يٰا مَوْلَيٰاهُ ـ عشر مرّات، يٰا غٰايَتٰاهُ ـ عشر مرّات، يٰا مُنْتَهىٰ رَغْبَتٰاهُ ـ عشر مرات( દસ વખત )

اَسْأَلُكَ بِحَقِّ هٰذِهِ الْاَسْمٰاءِ، وَبِحَقِّ مُحَمَّدٍ وَ آلِهِ الطّٰاهِرينَ عليهم السلام، اِلاّٰ مٰا كَشَفْتَ كَرْبي، وَ نَفَّسْتَ هَمّي، وَفَرَّجْتَ عَنّي، وَ اَصْلَحْتَ حٰالي.

و تدعو بعد ذلك بما شئت و تسأل حاجتك .

ત્યારે પછી પોતાની હાજત માટે દુઆ કરો અને તે સમયે જમણો ગાલ જમીન પર રાખી ને સો વખત આ પ્રમાણે કહો. યા મોહમ્મદો, યા અલી, યા અલીય્યો યા મોહમ્મદ ઈફ્ફયાની ફઈન્નકોમા કાફયાય, વન્સુરાની ફઈન્ન કોમા નાસે ગય. પછી ડાબો ગાલ જમીન પર રાખીને સો વખત કહો. અદેરીકની અદરીકની પછી અલ ગવ્સ અલ ગવ્સ એટલી બધી વખત કહો કે શ્વાસ તૂટી



જાય.

ખુદાવંદે આલમ પોતાની મહેરબાની થી તમારી હાજત પુરી કરશે ઈન્શાઅલ્લાહ

આ સાંભળીને હું નમાઝ- દુઆમાં મશ્ગુલ થઈ ગયો અને તે સાહબ ચાલ્યા ગયા.

હું પછી બહાર નીકળ્યો અને મુજાંવર અબુ જઅફર ને પૂછયું કે તે સાહબ કોણ હતા અને કેવી રીતે અંદર દાખલ થયા? બધા દરવાજા બંધ છે.અને અંદર આવવાના બીજા કોઈ રસ્તાની મને ખબર ન હતી. તેણે જવાબ આપ્યો કે મને ખબર ન હતી તેણે જવાબ આપ્યો કે દરવાજા તો પહેલા થી જ બંધ છે. અને મે કોઈના માટે દરવાજો ખોલ્યો નથી. ત્યારે મે પૂરો વાકેઓ બયાન કર્યો તો તેણે કહયું કે આ આપણા ઈ.ઝમાના અ. હતા. અને પછી સવારે હું જે જગ્યા એ છુપાયો હતો ત્યાં ચાલ્યો ગયો તેજ દિવસે ઈબ્ને સાલેહાન નાં માણસોએ મારા દોસ્તો સાથે મને મળવાની વાત કરી અને હાકીમ તરફથી મારી સલામતી - રક્ષણનું લખાણ પણ હતું જેનાથી મને યકીન થયુ તેથી હું ત્યાં ગયો. તેણે મને ગળે લગાડયો અને કહયું કે તે ત્યાં સુધી વાત પહોંચાંડી કે હ.સાહેબુઝઝમાન થી મારી શિકાયત કરી. મે શબે જુમ્આ હઝરત ને સ્વપ્નમાં જોયા તેમણે મને તારી સાથે સારી રીતે વર્તવાનો હુકમ એટલી સખ્તાઈથી આપ્યોકે હું ડરી ગયો.તેના બયાન પછી મે પણ હજરતની ઝિયારત નો પ્રસંગ બયાન કર્યો જેને સાંભળીને તેને નવાઈ લાગી ત્યાર પછી તે મારી સાથે નેકીથી વર્તવા લાગ્યો અને મૌલાની બરકત થી તે હાંસીલ થયું જેનો મને ખ્યાલ પણ નહતો. (ઈરફાને ઈમામત કિ.૬૯).

## પ્રકરણ - ૩૧

ગાનીમ હિંદી રિવાયત કરે છે કે હું મારા સાથીઓ સાથે કાશ્મીરમાં હતો. જે હિદુંસ્તાન નો એક વિસ્તાર છે. અમે કુલ ૪૦ માણસો હતા. અમને બધાને તે મુલ્કનાં બાદશાહની જમણી બાજુ ખુરશી પર બેસાડવામા આવતાં હતાં, અને અમે બધા તૌરેત,ઈનજીલ, ઝુબુર તથા સહીફએ ઈબ્રાહીમ પઢતા, અને લોકોને અમારા દીન પર આગાહ કરતા અને હલાલ તથા હરામનાં ફતવા આપતા હતા. બાદશાહ તથા બીજા બધા અમારા તરફ રુજુઅ થતા. એક દિવસ અમોએ હ.રસુલેખુદા (સ.અ.વ.) ના નામનો ઉલ્લેખ કર્યો અને કહયુ કે આપ હઝરત સ. નું નામ આ કિતાબોમાં (તૌરેત,ઈન્ઝીલ,ઝબુર,વગેરે માં) મૌજુદ છે. પણ તે કોણ છે તેની આપણને ખબર નથી. તેથી આપણા ઉપર વાજીબ છે કે તેની (રસુલ સ.) ની તપાસ કરીએ અને તેની નિશાનીઓની હકીકતની તપાસ કરીએ અમે બધાએ ભેગા મળીને નકકી કર્યુકિ આપણા માંથી કોઈ એક